PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

Since 1-8-1974
વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક
૧૫ ઓગષ્ટ - ૨૦૨૨, અંક નં. ૧૧૬ / ૪૮૨



સી.પી. બાળકોના ઝાડા-પેશાબ સાફ કરવા, દવા આપવી, જમાડવા, કપડા બદલવાની, કાયમી સેવા

પિતા નહીં, સવાયા પિતા બનીને કરે છે સી.પી. બાળકોની સેવા

પેજ નં. પાંચ ઉપર

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postal Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 Aug.- 22 ◆ Posted at 20th of every month at BNW/.HMS ◆ Subscription Rs. 150 per year (12 issue) ◆ Total Page : 24

# બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર



નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦ ઉપર રાષ્ટ્રિય વેબિનાર



'મહા અન્નદાન' વિતરણ



શાળા પ્રવેશોત્સવ




કોરોના રસીકરણ કેમ્પ



વિશ્વ યોગ દિનની ઉજવણી




ખેલ મહાકુંભ - ૨૦૨૨

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર . . . . . . . . . . ૦૨
- INDEX . . . . . . . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE . . . . . . . . . . ૦૪
- 'સવાયા પિતા બનીને કરે છે સીપી બાળકોની સેવા' . . . ૦૫
- આધુનિક જીવનશૈલીની આડઅસર . . . . . . . . . . ૦૫
- સી.પી. 'શાળા પ્રવેશોત્સવ - ૨૦૨૨' . . . . . . . . ૦૬
- સી.પી. એસેસમેન્ટ કેમ્પનું ઉદ્ઘાટન . . . . . . . . ૦૬
- વિશ્વ યોગ દિનની ઉજવણી . . . . . . . . . . . . ૦૬
- બહેરાં મૂંગા 'શાળા પ્રવેશોત્સવ - ૨૦૨૨' . . . . . . ૦૭
- બહેરાં મૂંગા શાળા મુલાકાત . . . . . . . . . . . ૦૭
- બહેરાં મૂંગા શાળા વેબિનાર . . . . . . . . . . . ૦૮
- બહેરાં મૂંગા શાળા વેક્સિનેશન કેમ્પ . . . . . . . . ૦૮
- શેઠ શ્રી વી. સી. લોઢાવાળા હૉસ્પિટલ . . . . . . . ૦૯
- નટરાજ લાઈબ્રેરી . . . . . . . . . . . . . . . ૦૯
- પી. એન. આર. હૉસ્પિટલ . . . . . . . . . . . . ૧૦
- 'ડૉક્ટર્સ ડે' ની અનોખી ઉજવણી . . . . . . . . . . ૧૦
- સેરિબ્રલ પાલ્સી બાળકોની વિશિષ્ટ શાળા . . . . . . . ૧૧
- સી.પી. શાળા - તાલીમ સેશન . . . . . . . . . . . ૧૧
- 'હાઈટેક' ઈન્ક્લુઝિવ સ્કૂલ . . . . . . . . . . . . ૧૨
- એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક . . . . . . . . . ૧૩
- શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા . . . . . . ૧૪
- દિવ્યાંગોની સાફલ્ય ગાથાઓ . . . . . . . . . . . ૧૫
- શ્રીમતી રશ્મિ મનહર સહાયનિધિ કોર્પસ ફંડનું 'મહા અન્નદાન' વિતરણ . . . . . . . . . . . . ૧૬
- દિવ્યાંગોની સાફલ્ય ગાથાઓ . . . . . . . . . . . ૧૬
- પી.આર.વી. કૃત્રિમ સાધન સહાય વર્કશોપ . . . . . . ૧૭
- 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની શાળા . . . . . . . . ૧૮
- ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ (એમ.આર.) . . . . . . . . . . ૧૯
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ . . . . . . . . . . . . ૧૯
- વિકલાંગો માટે ઉપલબ્ધ છે એક લાખ રૂપિયા સુધીની હેલ્થ પોલિસી . . . . . . . . . . . . . . . . ૨૦
- દિવ્યાંગોને પ્રોત્સાહન . . . . . . . . . . . . . ૨૦
- દિવ્યાંગોની સાફલ્ય ગાથાઓ . . . . . . . . . . . ૨૦
- અડગ મનના માનવીને હિમાલય નડતો નથી . . . . . . ૨૧
- સીપી જલ્પાને તેના જેવા બાળકોની સેવાની ધૂન લાગી . . ૨૧
- ડોનેશન લિસ્ટ . . . . . . . . . . . . . . . . ૨૨
- પી.એન.આર. સોસાયટી તસ્વીર સમાચાર . . . . . . . ૨૩


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## ગુજરાતની સર્વ પ્રથમ ઓટિઝમ સ્કૂલ PNR માં...

### સરકારશ્રીની મંજુરીની રાહમાં...

સર્વ પ્રકારની વિકલાંગતા માટે કાર્યરત આપણી સંસ્થા, PNR માં વર્ષ ૨૦૧૦માં મગજના લકવાવાળા (સી.પી.) બાળકોની નિવાસી શાળા સ્થપાય હતી, જે ગુજરાતની સૌ પ્રથમ મોડેલ સ્કૂલ હતી. આવી જ રીતે સંસ્થાના સંસ્થાપક વિઝનરી શ્રી બાબાભાઈ **ઓટિઝમ બાળકોની મોડેલ શાળા** માટે સહુને સતત કાર્યરત રાખે છે.

ઓટિઝમ (સ્વલીનતા) ના લક્ષણો બાલ્યાવસ્થામાં જ જોવા મળે છે, જેમાં આ બાળકો નજર મિલાવીને વાત કરી શકતા નથી, તેને બીજાના સ્પર્શ કે હાજરી ગમતી નથી, લાગણીઓ દર્શાવી શકતા નથી વગેરે જોવા મળે છે.

ઓટિઝમના લક્ષણો બાળકના શરુઆતના વર્ષોમાં જ જોવા મળે છે. તેને સમયસર યોગ્ય સારવાર ની જરૂર છે.

આવા બાળકો માટે PNR માં અર્લિ ઈન્ટરવેન્શન, ઓક્યુપેશનલ થેરાપી, હાઈડ્રોથેરાપી, સ્પીચ થેરાપી, શિક્ષણ, તાલીમ અને હોસ્ટેલની સુવિધા છે. સાથે જ ઓટિઝમ સ્કૂલના બિલ્ડીંગ માટે દાતાઓ સાથે વાતચીત ચાલે છે. ઓટિઝમ બાળકોની સ્કૂલની મંજૂરી માટે સંસ્થાએ દરખાસ્ત પણ ઘણાં સમયથી સરકારશ્રીમાં મોકલી છે. આશા રાખીએ કે દિવ્યાંગો પ્રત્યે વિશિષ્ટ સંવેદના ધરાવતી આપણી ગુજરાત સરકાર સત્વરે માન્યતા આપીને, આવા બાળકોના શિક્ષણ માટે સકારાત્મક અભિગમ અપનાવશે.

**કિરીટ રાઠોડ**

*Civilisation begins with order, grows with liberty and dies with chaos.*


**- WILL DURANT**


- Koshish Thi Kamyabi
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2022-24, Monthly
- **અંક નં. : ૧૧૬ / ૪૮૨**
  ૧૫ ઓગષ્ટ - ૨૦૨૨
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  E-mail : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  Visit us : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ,** ગાંધીનગર.
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE

K. D. PADIA



### ◈ KLID in Full Swing

"Praveshotsav", celebration of 'Yoga Din', National Webinar on National Education Policy, vaccination camp for corona, bagging medals in Khel Mahakumbh, Session for guiding Std. XII$^{th}$ passed students for career, cultural accomplishments, free camps for artificial limbs of the K. L. Institute for the Deaf (KLID) have been chief credits. This is not all. Visits by Trustees of outstation social organizations to learn KLID setup and imparting computer skills for bettering chance of job to the wards of its schools have earned appreciation of society at large.

### ◈ Nataraj Cerebral Palsy School Marches Ahead

Besides its normal activities like physiotherapy and imparting education to its wards, the school organized sessions for physiotherapists and teaching teams. A total number 60 persons attended. Dr. Brajesh Mishra (ABA Therapist) and Dr. Mrityunjay Mukund (Expert Occupational Therapist) of Ahmedabad rendered their expert services. Besides, Dr. Ganjiwale rendered Assessment Route Technique to the team of the school and Dr. Kelvin Patel (expert Occupational Therapist) of Ahmedabad explained and demonstrated oral sensitivity technique. Such gestures of the school keep the physiotherapists and special teachers updated all the time.

### ◈ AT&T Technology Institute Expands its Activity

After hiring special faculty for the Deaf, the institute started imparting computer skills to the deaf. Began in April, 2022, the institute has since trained 10 deaf youths. Besides computer training they were all rendered guidance for jobs.

### ◈ Other Activities

Celebration of Yoga and Music Day, bagging honour of Teacher by Nehal Gadhavi, farewell to students of Teachers' Training College and above all, Praveshotsav of Ankur School for Mentally Retarded Children; Medical Services by PNR Special Hospital and V. C. Lodhawala Hospital managed by PNR Society; enriching library of school and college and success stories find place in this issue.



Ankur School Vocational Department

# પિતા નહીં, સવાયા પિતા બનીને કરે છે સીપી બાળકોની સેવા

**બે બાળકો સાથે કોઈ લોહીનો સંબંધ નહીં છતાં ૨૪ કલાક લે છે સારસંભાળ. સીપી (સેરિબ્રલ્સ પાલ્સી) બાળકોને ઝાડા-પેશાબ સાફ કરવા, દવા આપવી, જમાડવા, કપડા બદલવાની, કાયમી સેવા.**

કહેવાય છે કે બાળકના જન્મ સાથે માતાનો પણ જન્મ થતો હોય છે. જ્યારે પિતાનો જન્મ સમજ અને જવાબદારીના વહન સાથે થતો હોય છે. આજે સગા પિતા નહીં, પરંતુ સવાયા પિતાની ફરજ બજાવતાં વ્યક્તિની વાત કરવી છે. કોઈ માતા પોતાના બાળકને કચરાના ઢગલામાં નાખી ચાલી ગઈ હોય, કોઈ માતા-પિતા વળી સંજોગોથી હારીને સંતાનને રેલવે સ્ટેશન પર છોડીને ચાલ્યા ગયા હોય, આવા બાળકોની સંભાળ લેવાનું કામ સરકારના સમાજ કલ્યાણ અને સમાજ સુરક્ષા ખાતા દ્વારા થાય છે. આવા અનાથ બાળકોને સાચવવા માટે વિવિધ સંસ્થાઓ પણ કાર્યરત છે, પરંતુ એવા અનાથ બાળકો કે જે પોતે માનસિક અને સાથે શારીરિક રીતે સાવ અશક્ત છે, પોતાની જાતની સંભાળ પણ લઈ શકે તેમ નથી, તેમને સાચવવા સૌથી વધુ મુશ્કેલ હોય છે અને આવા બાળકોનું ઘર બની છે અંબા હોસ્ટેલ અને તેના પાલક પિતા બન્યા છે લાલજીભાઈ પંડયા અને કાર્યકરો.

પી.એન.આર. સોસાયટી દ્વારા ૨૦૧૧ થી કાર્યરત આ હોસ્ટેલમાં અભ્યાસ કરતા અને સેરેબલ્સ પાલ્સી (સીપી) થી પીડિત બાળકો રહે છે, સાથે અજય, વિનય, ચંદુ, અક્ષય જેવા જેનું દુનિયામાં કોઈ જ નથી અને પોતાની જાત સંભાળ લેવા પૂરતી પણ જેને પુરી સમજ નથી, તેઓ અહીં રહે છે. સરકાર દ્વારા સોંપવામાં આવેલા આવા મલ્ટીપલ ડિસ ઓર્ડર, બહુવિધ વિકલાંગતા ધરાવતા બાળકોને અહીં ગૃહપતિ લાલજીભાઈ પંડયા, શાંતિભાઈ દવે, હરદેવભાઈ જાદવ, મેહુલભાઈ જાડા સહિતના, પિતા અને પરિવાર બનીને સાચવે છે. આ બાળકોને સમયસર શૌચકર્મ કરાવવા, તેના ઝાડા પેશાબ પણ સાફ કરવા, દવા આપવી, કસરતમાં લઈ જવા, નાસ્તો કરાવવો, જમાડવા, કપડા બદલવા, રાત્રે સમયસર સુવડાવવા આ બધું જ કામ લાલજીભાઈ અને આ લોકો કરી રહ્યા છે. ૨૦૧૨ માં અહીં



આવેલા અશ્વિન અને વિનય નામના બાળકો અને ૨૦૧૪ માં આવેલા ચંદુ અને અક્ષય નામના બાળકોમાંથી ચંદુ અને વિનયનું તો અવસાન થઈ ગયું છે. આ બાળકોની અંતિમવિધિ પણ શાસ્ત્રોક્ત રીતે આ જ ટીમ અને ટ્રસ્ટીઓએ કરી. હાલ અજય અને અક્ષય ૮-૧૦ વર્ષથી અહીં છે. આ હોસ્ટેલ તેમનું ઘર અને અહીંના લોકો જ તેનો પરિવાર.

સંસ્થાના ટ્રસ્ટી બાબાભાઈ શાહ કહે છે કે, 'આ કાર્યકરો માત્ર કર્મચારી તરીકે નહીં, પરંતુ પોતાના સંતાનની જેમ જ આ બાળકોની દરકાર કરે છે. ઘણીવાર આ બાળકોને સારવાર માટે લઈ જવામાં અને તેની સેવા કરવામાં પોતાના પરિવારને પણ તેઓ ભૂલી જતા હોય છે. લોહીનો કોઈ જ સંબંધ નહીં, કશું વિશેષ મેળવવાની અપેક્ષા નહીં, છતાં ૩૬૫ દિવસ, ૨૪ કલાક બાળકની કાળજી લેનાર આવા વ્યક્તિ પિતા નથી પરંતુ સવાયા પિતા છે, તેમ કહીએ તો ખોટું નથી.'

## આધુનિક જીવનશૈલીની આડઅસરમાં આવતાં જોખમને અટકાવવા માટે... બાળકનું વજન ઘટાડવા આ સમયપત્રકને અનુસરો

❁ **સવારે :** ગરમ પાણીમાં લીંબુનો રસ નાખીને પીવું. આ સાથે ઓછી ખાંડવાળી ચા-દૂધ લઈ શકાય. પૌવા, બિસ્કિટ, ખાખરા કે ઈડલી વડા લઈ શકાય. ❁ **સ્કૂલ લંચબોક્સ :** ફણગાવેલા કઠોળ, દક્ષિણ ભારતીય વાનગી, તેમજ બીજું હેલ્થી ફૂડ લઈ શકાય. ❁ **બપોરનું ભોજન :** રોટલી, શાક, દાળ-ભાત, સલાડ, પાણીવાળી છાશ, કાચી કેરી વગેરે લઈ શકાય. ડિહાઈડ્રેશન ન થાય તેવું લિક્વિડ લેવું હિતાવહ છે. આ માટે લીંબુ પાણી અને તાજા ફળોનો રસ પણ લઈ શકાય. ❁ **રાતનું ભોજન :** ઈડલી, ઢોકળા, વિવિધ પ્રકારની ખીચડી, પાણી નાખીને પાતળી છાશ, ઓછા મોણની ભાખરીની સાથે હળવો ખોરાક લઈ શકાય. **(સૌ. : સૌરાષ્ટ્ર સમાચાર)**

# "સ્કૂલ ચલે હમ..." 'શાળા પ્રવેશોત્સવ - ૨૦૨૨'

ભાવનગરની PNR સંચાલિત નટરાજ સેરેબ્રલ પાલ્સી (મગજનો લકવા) ધરાવતાં બાળકોની વિશિષ્ટ શિક્ષણ અને તાલીમ તથા સાર-સંભાળ સંસ્થા, નટરાજ કોલેજ કેમ્પસ, ભાવનગર ખાતે તા. ૨૫મી, જૂન ના રોજ 'શાળા પ્રવેશોત્સવ' અંતર્ગત નવા પ્રવેશ પામતા સી.પી. બાળકોને શૈક્ષણિક કીટ, વ્હીલચેર વગેરે અર્પણ કરવાનો કાર્યક્રમ ઉજવાય ગયેલ.

દિવ્યાંગ વિદ્યાર્થીઓની પ્રભુ પ્રાર્થના બાદ, સંસ્થાના મહામંત્રી શ્રી પારસભાઈ શાહે બૂકે દ્વારા મુખ્ય અતિથિઓ સર્વશ્રી પ્રદિપસિંહ ગોહિલ (પ્રોબેશનલ ઓફિસર, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી-ભાવનગર) તથા દાતાશ્રી અંબિકાબેન ટેકરીવાલનું શાબ્દિક સ્વાગત કરેલ. આસિ. પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકીએ પ્રસંગ પરિચય આપી, શાળામાં થઈ રહેલ પ્રવૃત્તિઓની ઝલક આપેલ. સી.પી. એસેસમેન્ટ માટે પધારેલ ડૉ. દિપક ગંજીવાલા, ડૉ. મૃત્યુંજય મુકુંદ, ડૉ. બ્રજેશ મિશ્રા ડૉ. કેલ્વિન પટેલનું અભિવાદન કરી, કેમ્પનું ઉદ્દઘાટન કરેલ. દીપપ્રાગટ્ય બાદ મહાનુભાવોના પ્રાસંગોચિત ઉદબોધન અને તેઓના વરદ હસ્તે દિવ્યાંગોને શૈક્ષણિક કીટ અને વ્હીલચેર, સ્પોર્ટ્સ સર્ટિફીકેટ વગેરેનું વિતરણ થયેલ. સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈએ આભારવિધિ કરેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ખેવનાબેન ઓઝાએ કરેલ.

# સી.પી. એસેસમેન્ટ કેમ્પનું ઉદ્દઘાટન સંપન્ન





## શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં
# વિશ્વ યોગ દિનની ઉજવણી

શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા-ટ્રસ્ટ પ્રાથમિક વિભાગ તેમજ શ્રીમતી મહાલક્ષ્મી બહેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં તા. ૨૧ જૂન-'૨૨ ના રોજ "વિશ્વ યોગ દિન" ની ઉજવણી કરવામાં આવી.

"માનવતા માટે યોગ" અનુસંધાને શાળાના પ્રાંગણમાં સવારના ઉજળા પ્રભાતે આચાર્ય શ્રી ઈલાબહેનની ઉપસ્થિતિમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા અન્ય સ્ટાફ યોગમાં જોડાયેલ. પ્રાર્થના બાદ શાળાના શિક્ષિકા શ્રી મુકતાબહેન વાળાએ "યોગનું મહત્વ" વિશે વકતવ્ય આપેલ. ત્યારબાદ શાળાના રમત શિક્ષક શ્રી સંદિપભાઈ ગોસ્વામીના નેતૃત્વ હેઠળ હળવી કસરત, વિવિધ આસન, સૂર્ય નમસ્કાર, પ્રાણાયામ કરાવવામાં આવ્યા હતાં.





## શ્રી ખી. લ. બહેરાં-મૂંગા શાળા

# પ્રવેશોત્સવ



શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા-ટ્રસ્ટ પ્રાથમિક અને શ્રીમતી મહાલક્ષ્મી બહેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં તા. ૨૯ જૂન-૨૨ બુધવારના રોજ નવા પ્રવેશ પામતા વિદ્યાર્થીઓનો **પ્રવેશોત્સવ** યોજવામાં આવેલ.

મુખ્ય મહેમાન જિલ્લા કલેકટર શ્રી નિર્ગુડે સાહેબ, શ્રી જાંબુચા સાહેબ (સમાજ સુરક્ષા અધિકારી, ભાવનગર), શ્રવણયંત્રના દાતા શ્રી રાણીબહેન ચૌધરી, શ્રી ઉદયભાઈ, સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, મંત્રી શ્રી અશ્વિનભાઈ, શ્રી મફતભાઈ, શ્રી જીતુભાઈ, શ્રી મહાસુખભાઈ, શ્રી શૈલેષભાઈ, શ્રી ઈલાબહેન વગેરે હોદ્દેદારોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ ઉજવાયો.

પ્રાર્થના બાદ, નાની બાળાઓના સુંદર અભિનયની રજૂઆત બાદ, શ્રી અશ્વિનભાઈએ સ્વાગત સાથે શાળાનો પરિચય તેમજ પ્રવૃત્તિઓની માહિતી આપેલ. ત્યારબાદ મોમન્ટો દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું.

શાળામાં ૩૧ વિદ્યાર્થીઓ પ્રાથમિક વિભાગમાં, ૨૦ વિદ્યાર્થીઓ માધ્યમિક વિભાગ તેમજ ૨ ઉચ્ચતર માધ્યમિક શાળામાં નવો પ્રવેશ પામેલ છે. તેઓ સહુને શૈક્ષણિક સાધનોની કીટ, નોટ, પેન આપી ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું.

હાલ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ધો. ૧૨ માં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ ૧. **સંજય રામજીભાઈ કળસરિયા** તેમજ ૨. **પ્રિયંકા વિજયભાઈ ચુડાસમા**ને પોસ્ટ વિભાગમાં પ્લેસમેન્ટ મળતા, તેઓનું મોમેન્ટો દ્વારા અભિવાદન કરી સહુએ ખુશી સાથે શુભેચ્છાઓ પાઠવેલ.

દાતા શ્રી ઉદયભાઈએ પ્રાસંગિક ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે 'તેઓ શાળાને હંમેશા મદદ કરવા તત્પર રહેશે.' શ્રી નિર્ગુડે સાહેબે પોતાના વકતવ્યમાં શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. અંતમાં આભારવિધિ શ્રી શૈલેષભાઈ દ્વારા કરવામાં આવી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી વૈશાલીબહેન દ્વારા કરવામાં આવ્યું. શ્રવણમંદ વિદ્યાર્થીઓને સમગ્ર માહિતી સાઈન લેંગ્વેજ દ્વારા શ્રી ભરતભાઈ તેમજ શ્રી વિરેન્દ્રભાઈએ સમજાવેલ.

## શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા

# શાળા-મુલાકાત



શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા-ટ્રસ્ટ ખાતે તા. ૫ જૂલાઈ-૨૨ ને મંગળવારના રોજ અમદાવાદ નવરંગપુરાના ટ્રસ્ટીગણ શ્રી મિલનભાઈ દલાલ, મંત્રીશ્રી બિપીનભાઈ પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી વશરામભાઈ બારડ, (એડમિન કેમ્પસ ડાયરેકટર), શ્રી નટુભાઈ પટેલ (ટ્રસ્ટી), શ્રી અર્પિતભાઈ (ટ્રસ્ટી) (CA) તેમજ માધ્યમિક શાળાના આચાર્યશ્રી નિખીલભાઈ અને ૩ શિક્ષકો તથા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી ઈનાબેન તથા બે શિક્ષકોએ સંસ્થાના પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ તેમજ અન્ય વિભાગોની રસપૂર્વક મુલાકાત લીધેલ. તેઓએ શ્રી અશ્વિનભાઈ પંડયા (મંત્રીશ્રી, ખી.લ. બહેરાં-મૂંગા શાળા) સાથે સંસ્થા સંચાલન અને તેમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે જ્ઞાનગોષ્ઠિ કરેલ. તેમજ દરેક વર્ગના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો સાથે વાતચીત કરેલ. સાથે અભ્યાસક અને ટેકનોલોજીના ઉપયોગ દ્વારા શિક્ષણ અંગે માહિતી મેળવેલ. મહેમાનો શાળાનું શિક્ષણ, સહઅભ્યાસક પ્રવૃત્તિઓ જેવી કે, સાંસ્કૃતિક, રમત-ગમત, સિવણ, કોમ્પ્યુટર, ક્રાફટ વગેરે તેમજ છાત્રાલય વિભાગની વ્યવસ્થાથી પ્રભાવિત થયેલ. તેઓએ સંસ્થાના મંત્રીશ્રી, ટ્રસ્ટીગણ તેમજ અન્ય સ્ટાફના સહકાર માટે આભાર વ્યકત કરેલ. તેમજ તેઓના સમગ્ર સ્ટાફની ફરી વખત મુલાકાત માટે આવવા ઈચ્છા વ્યકત કરેલ.

## શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા

# વેબિનાર



શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ પ્રાથમિક, તેમજ ટ્રસ્ટ સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે દિવ્યાંગોના સંદર્ભમાં નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦ ઉપર ઘનિષ્ઠ ચર્ચા-વિચારણા, માહિતી, માર્ગદર્શન હેતુ, એક રાષ્ટ્રિય વેબિનારનું આયોજન તા. ૧૮ અને ૧૯ જૂન'૨૨ બે દિવસ માટે કરવામાં આવેલ.

તા. ૧૮ જૂન'૨૨ સવારે ૧૦:૦૦ કલાકે સંસ્થાના મહાવીર ઓડિટોરિયમ ખાતે ઓનલાઈન અને ઓફ લાઈન એવા સંયુક્ત વેબિનારનું ઉદ્દઘાટન ભાવનગરના કલેક્ટરશ્રી અને જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી યોગેશ નિર્ગુડે સાહેબ અને ઉપસ્થિત મહેમાનોના વરદહસ્તે દિપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું.

આ પ્રસંગે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી એમ. જાંબુચા સાહેબ, શ્રી પી.બી. ગોહિલ સાહેબ તથા કલકત્તાથી પધારેલ વિષય નિષ્ણાંત ડૉ. આલોકા ગુહાજી, લખનઉથી પ્રોફેસર રજની રંજનસિંહ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં.

સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, સ્થાપક ટ્રસ્ટી શ્રી બાબાભાઈ, મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, ટ્રેઝરર શ્રી જીતુભાઈ શાહ, ટ્રસ્ટી શ્રી અનંતભાઈ શાહ, ચેરમેન શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબ, સંસ્થાના વિભાગીય વડાઓ, સ્ટાફ, બધિર બાળકો તેમજ વિવિધ શાળા, સંસ્થાના ૨૦૦ જેટલા વિશિષ્ટ શિક્ષકશ્રીઓની ઓનલાઈન અને ઓફલાઈન ઉપસ્થિતિમાં આ ઉદ્દઘાટન સંપન્ન થયેલ. કાર્યક્રમની શરૂઆત બધિર બાળાઓની ગણેશ વંદનાથી થઈ. વેબિનારના કો-ઓર્ડિનેટર શ્રી કવિતાબેન શાહે કાર્યક્રમનો હેતુ જણાવી, મહેમાનોનું સ્વાગત કર્યું હતું. કલેક્ટરશ્રી અને શ્રી બાબાભાઈએ પ્રસંગોચિત ઉદ્દબોધન કર્યું હતું. શ્રી અશ્વિનભાઈએ આભારવિધિ કરી હતી.

નિષ્ણાંતોના લેકચર ખૂબ જ માહિતીપ્રદ રહ્યાં. આ વેબિનારનો સમાપન સમારંભ, મુખ્ય મહેમાન ડૉ. એમ.એમ. ત્રિવેદીસાહેબ (વાઈસ ચાન્સેલર, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી) ની અધ્યક્ષતામાં યોજાયેલ. આ કાર્યક્રમમાં આમંત્રિત મહેમાન આચાર્યશ્રી હેતલબેન મહેતા, SBPS ના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી અમર જયોતિબા ગોહિલ તથા બી.એમ. કોમર્સના આચાર્ય શ્રી પરેશભાઈ ત્રિવેદી હાજર રહેલ. પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ઈલાબહેને સહુનું શાબ્દિક સ્વાગત કરેલ. કો-ઓર્ડિનેટર શ્રી કવિતાબહેન શાહે વેબિનારનો રીવ્યુ આપેલ. શિક્ષકોએ મેળવેલ જ્ઞાનનો ફીડબેક આપેલ. મહેમાનોએ પ્રાસંગિક ઉદ્દબોધન કરેલ. ભાગ લેનાર શિક્ષકોને સર્ટિફીકેટ આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમને સાંકેતિક ભાષા દ્વારા સમજ આપનાર શિક્ષકોને પણ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ. શ્રી જીતુભાઈ શાહે આભારવિધિ કરેલ. ઉદ્દઘોષણા શ્રી વિશ્વાબહેન ભટ્ટે કરેલ.


## શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા

# વેક્સિનેશન કેમ્પ

શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત પ્રાથમિક અને માધ્યમિક શાળા તથા આરોગ્ય કેન્દ્ર કરચલિયાપરાના સંયુક્ત ઉપક્રમે તા. ૨૭ જૂન'૨૨ ને સોમવારના રોજ કોરોના વેક્સિનેશન કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં આરોગ્ય કેન્દ્ર કરચલિયાપરાના કર્મચારી શ્રી હર્ષદભાઈ રાવળ અને શ્રી ગૌરવભાઈ પરમારે સેવા આપેલ. જેમાં ૨૯ બુસ્ટર ડોઝ અને ૮૫ બીજો ડોઝ એમ કુલ ૧૧૪ વિદ્યાર્થી, સ્ટાફ અને અન્ય લોકોનું વેક્સિનેશન કરેલ. સમગ્ર આયોજન માધ્યમિક શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ કરેલ. પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ તથા મંત્રી



શ્રી અશ્વિનભાઈ પંડયા દ્વારા સર્વને શુભેચ્છા પાઠવવામાં આવેલ.



ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ તથા શ્રી પ્રતાપભાઈ શામજીભાઈ પારેખ પોલિક્લિનિક

મનસુખ સોરઠિયા

◈ **વિનામૂલ્યે / રાહત દરે મોતિયાના દર્દીઓ માટે કેમ્પ :** આ કેમ્પ તા. ૧૯ જૂન-'૨૨ ના રોજ આંખના સર્જનનો યોજવામાં આવેલ હતો. જેમાં પાંચ લાભાર્થીઓએ લાભ લીધેલ હતો.

◈ **રાહતદરે થાઈરોડનો કેમ્પ :** તા. ૨૦ જૂન-'૨૨ ના રોજ આ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૧૦ લાભાર્થીઓએ લાભ લીધેલ હતો.

◈ **રાહતદરે ફિઝીયોથેરાપીનો કેમ્પ :** તા. ૨૦ જૂન-'૨૨ ના રોજ આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮ લાભાર્થીઓએ લાભ લીધેલ હતો.

◈ **રાહતદરે કાન-નાક-ગળાનો કેમ્પ :** તા. ૨૧ જૂન-'૨૨ ના રોજ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કુલ ૩૬ લાભાર્થીઓએ લાભ લીધેલ હતો.

◈ **રાહતદરે જનરલ પ્રેક્ટિશનરનો કેમ્પ :** તા. ૨૧ જૂન-'૨૨ ના રોજ આયોજન કરવામાં આવેલ હતો. જેમાં કુલ ૧ લાભાર્થીઓએ લાભ લીધેલ હતો.

આ સંસ્થા દ્વારા સતત એક જ પ્રયત્ન રહેલ છે કે લોકો બિમારી મુકત બને. જેના માટે આ દિશામાં પ્રયાસ ચાલું રહેશે.



# શ્રી યુવક સંમેલન મુંબઈ નટરાજ લાઈબ્રેરી



છાયા જોષી

## શ્રી સુનિલભાઈ મહેતા દ્વારા નટરાજ લાઈબ્રેરીમાં ભેટ આવેલા પુસ્તકો

| પુસ્તકનું નામ | પ્રકાર |
|---|---|
| ઉત્પલ ભાયાણીનું વાર્તા વિશ્વ | વાર્તા સંગ્રહ |
| દાદા-દાદીની વાતો | ઉષ્માભર્યા અનુભવો |
| નિકોબાર પ્રથમવાર | પ્રવાસ વર્ણન |
| નારીની આત્મકથાના અંશો | આત્મકથા અંશ |
| તેજો વલય | નવલ કથા |
| મારી પ્રિય ટૂંકી વાર્તાઓ | વાર્તા સંગ્રહ |
| તારે શ્રુતિને મળવું છે ? | વેદનાની વાતો |
| પ્રતિબિંબ | વાર્તા સંગ્રહ |
| ધડકન | વાર્તા સંગ્રહ |
| જીવને મને શું શીખવ્યું ? | લેખ સંગ્રહ |
| શ્યામ સમીપે | કૃષ્ણ ચરિત્ર |
| પરથમ પગલું માંડિયું | નવલ કથા |
| શાહબુદ્દીન રાઠોડની હાસ્ય કથાઓ | હાસ્ય કથા |
| હાસ્યનો વરઘોડો | હાસ્ય નવલકથા |
| ચાંદો ઉગ્યો ચોકમાં | હાસ્ય નવલ કથા |

| પુસ્તકનું નામ | પ્રકાર |
|---|---|
| હાસ્યેન્દ્ર જયોતિન્દ્ર | હાસ્ય નવલ કથા |
| મનની શાંતિના પ્રયોગો | હાસ્ય નવલ કથા |
| સાહચર્ય | અનુભવોની કથા |
| ‘મહાભારત’ (ગુજરાતી અનુવાદ) | નાટક |
| પરમ સમીપે | પ્રાર્થના જીવનનું બળ |
| સર્જનાત્મક કરિશ્માઓ | પ્રેરણાત્મક વાર્તાઓ |
| જીવન સમીપે | દર્દી અને દાક્તર શ્રેણીનું પુસ્તક |
| હાલો હળવા થાવા | જીવનના પ્રત્યેક અનુભવને હળવાશથી માણવાની કુનેહ |
| લીલુડી વાડી | વિવિધ લેખકોના લેખો |
| સુંદર કથાઓ | ટૂંકી વાર્તાઓ |

**વૃધ્ધાશ્રમ ટ્રસ્ટ, ભાવનગર દ્વારા બાળકોના ૧૭ પુસ્તકો આપણી સંસ્થાને ભેટ આપવામાં આવેલ. જેનો સંસ્થા આભાર વ્યકત કરે છે.**



# પી. એન. આર. હૉસ્પિટલ



✍ મહાસુખભાઈ જકડિયા

**મે અને જૂન-'૨૨ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૩૦૨ | ૧૩ | એક્ષ-રે | ૧૨૯ | - |
| આંખ | ૧૦૫૪ | ૨૧૮ | લેબોરેટરી | ૪૭૦ | ૧૫૬૩ (ટેસ્ટ) |
| આંખની છારી | ૧૮ | - | રૂબેલા | ૧૧ | - |
| ઈ.એન.ટી. | | | ચામડી | ૬૨ | ૦૧ |
| (કાન-નાક-ગળા) | ૭૮૦ | ૧૦ | પેડિયાટ્રિક ડેન્ટલ | - | - |
| માઈનર પ્રોસિઝર | ૪૦૯ | - | આંખના પડદા | ૨૪ | - |
| ઓર્થોસ્કોપી | ૬૪ | ૦૨ | પ્લાસ્ટિક સર્જરી | ૭૫ | ૧૫ |
| ઓર્થોડેન્ટલ | ૨૪૮ | ૨૬૭ (ટ્રિટમેન્ટ) | હેર ઈમ્પ્લાન્ટ | ૧૮ | ૦૬ |
| જનરલ ઓપીડી | ૭૪૩ | - | ત્રાંસી આંખ | ૫૨ | ૧૮ |

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૭૭** લાભાર્થીઓએ **રૂા. ૮,૮૧૫/-** ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૧૮** દર્દીઓએ **રૂા. ૨,૪૨૦/-** ની સહાય મેળવેલ છે.

## 'ડૉક્ટર્સ ડે' ની અનોખી ઉજવણી

ડૉક્ટરને ઈશ્વરનો અવતાર માનવામાં આવે છે, તો આ ડૉક્ટર્સને મદદરૂપ થનાર અને દર્દીઓને સદાય સહાયરૂપ થનાર નર્સિંગ, પેરામેડિકલ અને અન્ય સ્ટાફની સેવા પણ એટલી જ મહત્વની હોય છે. પહેલી જૂલાઈ **ડૉક્ટર્સ ડે** નિમિત્તે પી.એન.આર. હોસ્પિટલ, ભાવનગર દ્વારા આવી વ્યક્તિઓનું સન્માન કરી, આ દિવસની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવી હતી.


BAPS સંસ્થાના સંતશ્રી ત્યાગરાજ સ્વામી, સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, હોસ્પિટલના ચેરમેન શ્રી મહાસુખભાઈ જકડિયા, મુંબઈના પ્લાસ્ટિક સર્જન ડૉ. નરેશ વાધવા વિગેરેના હસ્તે હોસ્પિટલમાં દીર્ઘકાલિન સેવા આપી રહેલ શ્રી દીનાબેન રાઠોડ, શ્રી રાજેશભાઈ ઉપાધ્યાય, શ્રી લીલાબેન ગોહિલ અને શ્રી અનિષભાઈ ત્રિવેદી તથા સિનિયર ઓક્યુપેશનલ થેરાપિસ્ટ શ્રી અમિત મિત્રાનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે ડૉ. વાધવા અને માનદ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડે પેરામેડિકલ નર્સિંગ સ્ટાફ અને અન્ય સેવારત કર્મચારીઓની કામગિરીની નોંધ લઈ આ સન્માન સહુનું છે તેમ જણાવી, તે તમામને શુભેચ્છા આપી હતી.

**પેરા મેડિકલ સ્ટાફનું સ્પેશ્યાલિસ્ટ સર્જનના હસ્તે સન્માન**





# મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા



✍ જીજ્ઞા સોલંકી

## નાસ્તા વિતરણ :

તા. ૧૭ જૂન-ʹ૨૨ ના રોજ, ચત્રોલા હસ્ત ચિરાગભાઈ જે કે.એન. શાહ ઓટિઝમ શાળાનો વિદ્યાર્થી છે, તે પ્રગતિ સાથે સામાન્ય શાળામાં અભ્યાસ માટે જતા, તેની ખુશીમાં બાળકો તથા સ્ટાફને નાસ્તો આપેલ.

## વિશ્વ યોગ દિવસ :

તા. ૨૧ જૂન-ʹ૨૨ ના રોજ **વિશ્વ યોગ દિવસ**ની ઉજવણી કરવામાં આવેલ. જે અતંર્ગત ૨૫ જેટલા યોગાસનો, પ્રાણાયામ, ધ્યાન વગેરે દ્વારા સ્વસ્થ જીવનશૈલીની પહેલ કરવામાં આવી. કાર્યક્રમમાં ૩૫ વિદ્યાર્થીઓ અને ૨૫ સ્ટાફ એમ કુલ ૬૦ વ્યક્તિઓએ ભાગ લીધો.

## એસેસમેન્ટ કેમ્પ :



તા. ૨૫ જૂન-ʹ૨૨ ના રોજ **બચપન કોર્પસ ફંડ** સહયોગથી પાંચમા **ફિઝીયો-ઓક્યુપેશનલ થેરાપી એસેસમેન્ટ કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં એકસપર્ટ ઓક્યુપેશનલ થેરાપી ટીમ દ્વારા ૮૦ બાળકોનું એસેસમેન્ટ સાથે ટ્રીટમેન્ટ પ્લાન કરવામાં આવેલ.

## પ્રવાસ :

તા. ૩૦ જૂન -ʹ૨૨ ને અષાઢ સુદ એક્મના રોજ સંસ્થાના ૬૦ વિદ્યાર્થીઓને શ્રી ઘંટાકર્ણ મહાવીર સ્વામી દેરાસરમાં દર્શનાર્થે લઈ જવામાં આવ્યા હતાં. જયાં શ્રી અમિતભાઈ શાહ દ્વારા પ્રસાદનું આયોજન કરવામાં આવેલ. ૨ વર્ષ બાદ થયેલ આ ટૂંકા પ્રવાસથી વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી જોવા મળી.

## જન્મદિવસની ઉજવણી :




તા. ૨૮ જૂન -ʹ૨૨ ને મંગળવારના રોજ કુ. દુલારીબેન પટેલના જન્મદિવસની ઉજવણી કરવામાં આવેલ. તેમને શાળા તથા પેટા વિભાગોના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલ જન્મ દિવસ કાર્ડ શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા ગિફટ આપવામાં આવેલ. આ પ્રસંગે કુ. દુલારીબેન પટેલ દ્વારા સી.પી. સ્કૂલ, તેમજ પેટા વિભાગોના ૧૨૮ વિદ્યાર્થીઓને નોટબૂક વિતરણ કરવામાં આવેલ.

## તાલીમ સેશન

તા.૨૬ જૂન-ʹ૨૨ના રોજ વાલીઓ અને સી.પી. ડિપાર્ટમેન્ટની એક્સપર્ટ થેરાપી ટીમ તથા ટીચિંગ ટીમ માટે અલગ-અલગ વિષય પર ઓફલાઈન તાલીમ સેશનનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૬૦ વ્યક્તિઓએ એક્સપર્ટ તજજ્ઞોના જ્ઞાનનો લાભ મેળવેલ. આ તાલીમમાં વાલીઓ માટે ABA થેરાપી ડૉ. બ્રજેશ મિશ્રા તથા સેન્સરી ઈન્ટીગ્રેશન થેરાપી વિષે ડૉ. મૃત્યુંજય મુકુંદ (એક્સપર્ટ ઓક્યુપેશનલ થેરાપિસ્ટ), અમદાવાદ દ્વારા ડેમોસ્ટ્રેશન અને પ્રશ્નોતરી ચર્ચા દ્વારા સમજાવવામાં આવ્યું હતું. તથા સી.પી. ડિપાર્ટમેન્ટની ટીમ માટે ડૉ. દિપક ગંજીવાલા દ્વારા એસેસમેન્ટ રૂટસ ટેકનિક અને ડૉ. કેલ્વિન પટેલ (એક્સપર્ટ ઓક્યુપેશનલ થેરાપીસ્ટ, અમદાવાદ) દ્વારા ઓરલ સેન્ટિવિટીની ટેકનિક PPT તથા ડેમોસ્ટ્રેશનથી શીખવવામાં આવ્યું.



# ‘હાઈટેક’ ઈન્કલુઝિવ સ્કૂલ



ધીરુભાઈ ધંધુકિયા

## વિશ્વ યોગ દિવસ :



તા. ૨૧/૬ ના રોજ ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા **યોગ દિન** નિમિત્તે વિવિધ યોગાસનો કરી **વિશ્વ યોગ દિવસ** ઉજવવામાં આવ્યો હતો. યોગ કરવાથી થતા ફાયદા, આસનોની સમજ, શારીરિક અને માનસિક રીતે થતો સર્વાંગી વિકાસ જેવી માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી, સાથે તેઓ નિયમિત યોગાસન કરે અને મન તથા તનથી તંદુરસ્ત રહે તે માટે જાણકારી આપવામાં આવી. વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક શક્તિઓની ખીલવણી માટે યોગાસનો કરાવવામાં આવેલ. આમ, વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવેલ. જેનું સંચાલન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.

## કિલકિલાટ કાર્યક્રમ :

સ્કૂલમાં તા. ૪ જૂલાઈ ના રોજ **કિલકિલાટ પ્રવેશોત્સવ** ઉજવવામાં આવેલ. આ પ્રસંગે ડૉ. કે. આર. ઝાંઝરૂકિયા સાહેબ (પૂર્વ શિક્ષણ સચિવ, માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર) તેમજ સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈ, મહિલા કોલેજના નિવૃત પ્રિન્સિપાલ અને હાઈટેક સ્કૂલના ચેરમેન શ્રી ડી. જે. ધંધુકિયા સાહેબ, સંસ્થાના મહામંત્રી શ્રી પારસભાઈ શાહ, ICT ના ભીષ્મપિતા સમાન ડૉ. નવનીતભાઈ રાઠોડ, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર





શ્રી એચ. પી. રાખશિયા તથા સી.પી. સ્કૂલના આચાર્ય ઉપસ્થિત રહ્યાં હતાં. કિલકિલાટ કાર્યક્રમમાં નવા આગંતુક બાળકોના આગમનના ઉત્સાહને વધારવા **પ્રવેશોત્સવ** ઉજવવામાં આવેલ. ધો. ૪ થી ૬ ની વિદ્યાર્થીની દ્વારા પ્રાર્થના ગીત રજૂ કરવામાં આવેલ. નિબંધ અને ચિત્ર સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરનારને ઈનામ આપી પ્રોત્સાહન પૂરું પાડેલ. આ પ્રસંગે બાળકોને સંસ્થા તરફથી પેન્સિલ, રબરની કીટ વિતરણ કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ તેમજ એન્કરિંગ શ્રી દિશાબેન અને કાર્યક્રમની જહેમત શ્રી દક્ષાબેન પંડયા, તેમજ સમગ્ર સ્ટાફ દ્વારા ઉઠાવવામાં આવેલ.

## વિશ્વ પર્યાવરણ દિવસ :




શાળામાં તા. ૫ જૂન **વિશ્વ પર્યાવરણ દિવસ** અંતર્ગત તા. ૧૮ જૂનના રોજ ધો. ૧ થી ૪ માટે ચિત્ર સ્પર્ધા અને ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. ધો. ૧ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓને, આ સ્પર્ધામાં ભાગ લેનાર જેમાં પ્રથમ નંબર મેળવનારને ઈનામ આપી પ્રોત્સાહન આપવામાં આવેલ. બધા જ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહ અને આનંદથી ભાગ લીધો. વિશ્વ પર્યાવરણ દિનને ધ્યાનમાં રાખી પર્યાવરણમાં વધી રહેલા પ્રદૂષણથી થતું નુકશાન, વૈશ્વિક તાપમાનમાં થતો ફેરફાર જેવી ઘટનાનો સમાવેશ કરી, તેની ચર્ચા કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.




# એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ

✍ કૌશિક પરમાર



## કોમ્પ્યુટર ટ્રેનિંગ : શ્રવણમંદોને નોકરી મેળવવા માટે શ્રેષ્ઠ

પી.એન.આર.સોસાયટી સંચાલિત એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટમાં વિકલાંગોને વિનામૂલ્યે કોમ્પ્યુટર ટ્રેનિંગ આપવામાં આવે છે. એપ્રિલ ૨૦૨૨ દરમ્યાન શ્રવણમંદો માટે વિશેષ બેચ શરુ કરવામાં આવી છે. બેચમાં એડમિશન મેળવેલ તમામ તાલીમાર્થીઓ ૧૦૦ ટકા શ્રવણમંદ છે. આ બેચના ફેકલ્ટી અનુપાબેન શાહ પણ ૧૦૦ ટકા શ્રવણમંદ છે. સામાન્ય રીતે શ્રવણમંદોને અભ્યાસ પૂર્ણ કર્યા પછી સરળતાથી નોકરી મળી શકતી નથી. શ્રવણમંદો વ્યવસાયિક તાલીમ મેળવી નોકરી મેળવી શકે અથવા પોતાનો વ્યવસાય શરુ કરી શકે છે. પોતાના ઘરે બેસીને પણ કમ્પ્યુટર પર કામ કરી આવક મેળવી શકે છે. શ્રવણમંદો માટે કોમ્પ્યુટર ટ્રેનિંગ આશીર્વાદ સમાન છે. તાલીમ પૂર્ણ કરી તેઓ ટાઈપિંગ, ડિઝાઈનિંગ, ડેટા એન્ટ્રીનું કામ કરી શકે અને સ્વનિર્ભર બની શકે તેવા હેતુથી તેમને આ તાલીમ આપવામાં આવે છે. શ્રવણમંદો માટેની આ બેચમાં પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓની ટૂંકી માહિતી અત્રે પ્રસ્તુત છે.



**રાઠોડ ક્રિમીતા** અશોકભાઈ
વાલીનો વ્યવસાય : ડાયમંડ પોલીશિંગ



**ધુમલીયા ફોરમ** ભાવિકભાઈ
વાલીનો વ્યવસાય : ટેકસી



**સેવાણી મહેક** હરેશભાઈ
વાલીનો વ્યવસાય : ચંપલનું વેચાણ



**માખણા ભગીરથ** બાબુભાઈ
વાલીનો વ્યવસાય : સિમેન્ટ વેચાણ



**ભડિયાદ્રા કેનિલ** દીપકભાઈ
વાલીનો વ્યવસાય : ડાયમંડ



**ઓળકિયા રાજુ** ભલાભાઈ
વાલીનો વ્યવસાય : ટેકસી




**ગોહિલ મહાવીરસિંહ** ભરતસિંહ
વાલીનો વ્યવસાય : ડાયમંડ



**વોરા પ્રશમ** આશિષભાઈ
વાલીનો વ્યવસાય : પુસ્તક વેચાણ



**ચાડ પૃથ્વીરાજ** સુરેશભાઈ
વાલીનો વ્યવસાય : ડાયમંડ



**હરીયાણી કબીર** જાવેદઅલી
વાલીનો વ્યવસાય : મજૂરી



**શ્રવણમંદ ફેકલ્ટી અનુપાબેન શાહ સાઈન લેંગ્વેજ દ્વારા શ્રવણમંદોને કોમ્પ્યુટર થીયરી સમજાવી રહયા છે. અગત્યની વાત એ છે કે અનુપાબેને AT & T ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટમાં જ તાલીમ મેળવી છે અને શ્રવણમંદો માટે સફળ ફેકલ્ટી બની શકયા છે.**

## શ્રવણમંદો તાલીમ મેળવ્યા બાદ કઈ રીતે સ્વનિર્ભર બની શકે ?

શ્રવણમંદો કોમ્પ્યુટર ટ્રેનિંગ મેળવીને આ રીતે આવક મેળવી શકે છે : (૧) વર્તમાનપત્રમાં ટાઈપિસ્ટ તરીકે નોકરી મેળવી શકે છે. (૨) નાની મોટી દુકાનોમાં બારકોડ રીડર મારફત બિલ બનાવી શકે છે (૩) ટયુશન કલાસમાં તૈયાર થતું મટિરીયલ, ટેસ્ટ પેપરનું ટાઈપિંગ કામ કરી શકે છે (૪) ડેટા એન્ટ્રીનું કામ કરી શકે છે (૫) ઝેરોક્ષની દુકાનમાં ઝેરોક્ષ કરી આપવાનું કામ અથવા પેનડ્રાઈવ કે ઈ-મેઈલ, વ્હોટસએપમાંથી સીધી પ્રિન્ટ કાઢવાનું કામ કરી શકે છે. (૬) કલર ફોટો લેબમાં કામ મેળવી શકે છે (૭) ફોટોશોપની તાલીમ બાદ ફોટો એડીટિંગનું કામ કરી શકે છે (૮) ડિજીટલ માર્કેટિંગનું કામ કરી શકે છે (૯) કોરલ ડ્રો એપ્લીકેશન શીખી ફેશન ડિઝાઈનિંગનું કામ ઘરે બેઠા કરી શકે છે (૧૦) ટ્રાવેલ્સની ઓફિસમાં ટિકિટ બૂકીંગનું કામ કરી શકે છે.



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા



✍ જ્યોતિ ભટ્ટી

## ધો. ૧૦ અને ધો. ૧૨ કોમર્સનું ઝળહળતું પરિણામ :

શાળાનું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષા અંતર્ગત ધો. ૧૨ કોમર્સનું પરિણામ તા. ૪ જૂન-'૨૨ અને ધો. ૧૦ નું પરિણામ તા. ૬ જૂન-'૨૨ ના રોજ જાહેર થયેલ. જેમાં ધો. ૧૨ નું પરિણામ૧૦૦; તેમજ ધો. ૧૦ નું પરિણામ ૯૭% આવેલ છે.

### ધો. ૧૨ ના પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓ (૨૦૨૧-'૨૨)

| ક્રમ | નામ | ટકા |
|---|---|---|
| ૦૧ | અગ્રાવત સ્મિતા રાજેશભાઈ | ૬૯.૪૬ |
| ૦૨ | પાનસુરિયા શિવમ્ રાજેશભાઈ | ૬૭ |
| ૦૩ | વિસોડિયા હિરેન વિનોદભાઈ | ૬૩.૮૬ |
| ૦૪ | ધંધુકિયા ધ્રુવ જીતેન્દ્રભાઈ | ૬૩.૪૬ |
| ૦૫ | અભંગી જીનલ પ્રવીણભાઈ | ૬૩.૪૬ |
| ૦૬ | વડદોરિયા કેયુર | ૬૩ |
| ૦૭ | બારૈયા પ્રકાશ | ૬૨.૨૬ |
| ૦૮ | ઝાલા આસ્થા | ૬૨.૧૩ |
| ૦૯ | પરમાર આશિષ | ૬૧.૮૬ |
| ૧૦ | ખટારિયા વિષ્ણુ | ૬૦.૪૦ |

### ધો. ૧૦ ના પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓ (૨૦૨૧-'૨૨)

| ક્રમ | નામ | ટકા |
|---|---|---|
| ૦૧ | પરમાર બંસી રમેશભાઈ | ૬૮.૦૪ |
| ૦૨ | ટીલાળા મિરલ અરવિંદભાઈ | ૬૨.૦૨ |
| ૦૩ | રામજાણી નિરાલી મંગારામ | ૬૧ |
| ૦૪ | ગોસાઈ ધ્રુવ રઘુનાથભાઈ | ૫૮.૦૨ |
| ૦૫ | હાપલિયા માનસી નરશીભાઈ | ૫૮ |
| ૦૬ | મકવાણા આસ્થા દીપકભાઈ | ૫૭.૦૮ |
| ૦૭ | ટાઢા ભૂમિકા પ્રેમજીભાઈ | ૫૭.૦૪ |
| ૦૮ | ગોહિલ રૂપલબા દેવેન્દ્રસિંહ | ૫૫.૦૨ |
| ૦૯ | નસીત રાયલ રાકેશભાઈ | ૫૪.૦૨ |
| ૧૦ | ગોહિલ પૂજાબા મહિપતસિંહ | ૫૩.૦૮ |

શાળાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, ચેરમેન શ્રી અમિતભાઈ શાહ, આચાર્યશ્રી શૈલેષભાઈ દવેએ વિદ્યાર્થીઓને અભિનંદન આપેલ.

## "ખેલ મહાકુંભ" :



શાળાના ૪૨ વિદ્યાર્થીઓએ **ઓલ ગુજરાત સ્પોર્ટ્સ કાઉન્સિલ ઓફ ધ ડેફ-ગુજરાત** દ્વારા આયોજિત સ્પેશિયલ ખેલ મહાકુંભ, અમદાવાદ ખાતે વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ. જેમાં વિવિધ રમતો ચેસ, વોલિબોલ, એથ્લેટિક્સની સ્પર્ધાઓ યોજાયેલ. જેમાં ૧૬ વર્ષથી ઉપરના ભાઈઓના ગ્રુપમાં વોલીબોલમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી સિલ્વર મેડલ, તેમજ બહેનોના ગ્રુપમાં તૃતિય સ્થાને બ્રોન્ઝ મેડલ જીતેલ છે.

| પ્રાપ્ત કરેલ મેડલની વિગત | |
|---|---|
| **ગોલ્ડ મેડલ :** | ૧. પ્રભા સોલંકી (૪૦૦ મી. દોડ), ૨. હિરલ બારૈયા (૨૦૦ મી. દોડ), ૩. દશરથ પરમાર (બરછી ફેંક) અને ૪. રીલે દોડ (૪ ગોલ્ડ મેડલ) |
| **સિલ્વર મેડલ :** | ૧. હિરલ બારૈયા (૧૦૦ મી. દોડ), ૨. મહિમ્મદ મેમણ (ગોળા ફેંક) અને ૩.વોલિબોલ બોયઝ (૧ સિલ્વર મેડલ) |
| **બ્રોન્ઝ મેડલ :** | ૧. જ્યોતિ ડોડિયા (૪૦૦ મી. દોડ), ૨. રીલે દોડ (૮ બ્રોન્ઝ મેડલ) અને ૩.વોલિબોલ ગર્લ્સ (૧ બ્રોન્ઝ મેડલ) |

કુલ ૭ ગોલ્ડ મેડલ, ૧૧ સિલ્વર મેડલ તથા ૧૮ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ. આવી ઝળહળતી સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ વિદ્યાર્થીઓ, તેમજ માર્ગદર્શક શિક્ષક શ્રી સંદિપભાઈ ગોસ્વામીને શાળાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, તેમજ આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ ખૂબ-ખૂબ અભિનંદન પાઠવેલ. તથા વિદ્યાર્થીઓને અમદાવાદ ખાતે લઈ જવા, લાવવા તેમજ અન્ય જવાબદારી સાથે સહાયક તરીકે ફરજ

બજાવવા બદલ, સાથે જનાર શિક્ષકોને પણ ધન્યવાદ પાઠવ્યાં હતાં.

## અભિવાદન સમારોહ તેમજ ધો. ૧૨ પછી શું?:



શાળાનું બોર્ડ દ્વારા લેવાયેલી ધો. ૧૨, વર્ષ ૨૦૨૧-૨૨નું પરિણામ ૧૦૦% પ્રાપ્ત થયેલ. જે માટે તા. ૧૪ જૂન-૨૨ ના રોજ તમામ વિદ્યાર્થી, વાલીઓની મિટીંગ શાળાના ઓડિટોરિયમ ખાતે યોજવામાં આવેલ. જેમાં મંત્રી શ્રી અશ્વિનભાઈ, આચાર્ય શ્રી શૈલેષભાઈ ઉપસ્થિત રહેલ. જેમાં વિદ્યાર્થીઓનું અભિવાદન કરવામાં આવેલ તેમજ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

આ સાથે **ધો. ૧૨ પછી શું ?** તે અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. શ્રવણમંદ વિદ્યાર્થીઓને આગળની કારકિર્દી માટે શ્રી અશ્વિનભાઈ તેમજ શ્રી શૈલેષભાઈએ માર્ગદર્શન આપતા જણાવ્યું કે, આગળ બી. કોમ. (એક્ષ્ટર્નલ) અભ્યાસ કરી શકો, જો નોકરી કરવી હોય તો શાળા દ્વારા **હિરા-દર્શન** કંપની ખાતે પ્લેસમેન્ટ મળી શકશે. અન્ય પરીક્ષાઓ આપી સરકારી નોકરી પણ મળી શકે. ભવિષ્યમાં કઈપણ માર્ગદર્શનની જરૂરિયાત હોય તો શાળા મદદરૂપ બનશે, તેમ જણાવેલ.

## સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં સિધ્ધિ :

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગુજરાત રાજ્ય દ્વારા તા. ૧૮ થી ૨૦ મે દરમ્યાન વડનગર ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન થયેલ. જેમાં પ્રથમ દિવસની પૂર્વ સંધ્યાએ ગાંધીનગરની સુવિખ્યાત હોટલ ધ લીલા ખાતે, સાંસ્કૃતિક કાર્યક્રમ Gala dinner નું આયોજન થયેલ. આખા ગુજરાતમાંથી ત્રણ કૃતિઓ પસંદ કરાયેલી જેમાં એક શ્રી શાહ ખીમચંદ લક્ષ્મીચંદ બહેરાં-મૂંગા શાળા ભાવનગરની ગણેશ વંદનાની હતી. આ ગૌરવશાળી કૃતિ માટે સરકાર શ્રી દ્વારા રૂપિયા ૭૫ હજારનું ઈનામ અપાયેલ. કોન્ફરન્સમાં હાજર રહેલ આઠ દેશના અને ૧૬ રાજ્યના વિવિધ પ્રતિનિધિઓ આ બાળાઓના અભિનયથી અભિભૂત થયા હતાં.

સાંસ્કૃતિક મંત્રી શ્રી હર્ષ સંઘવીએ બાળકોની વ્યકિતગત મુલાકાત લીધી અને મહેમાનો સાથે જ બાળકોને Gala dinner માં શામિલ કરેલ. અત્રે ઉલ્લેખનિય છે કે આ સમગ્ર કૃતિની નૃત્ય ગૂંથણી શાળાની શિક્ષિકા શ્રીમબેન સવજિયાણી દ્વારા કરાયેલ. જે અંગે સંસ્થાના તમામ હોદ્દેદારોએ પૂરી સાંસ્કૃતિક ટીમને અભિનંદન પાઠવેલ.

# દિવ્યાંગોની સાફલ્ય ગાથાઓ

## UPSC 2021 ની પરીક્ષા પાસ કરનાર દ્રષ્ટિહીન શિક્ષક આયુષીએ AIR 48 મેળવ્યો

તેની સફળતાની સફર વિશે વિગતો આપતાં આયુષીએ કહ્યું, ‘હું કોચિંગ સેન્ટરમાં નોંધણી કરાવી શકી નહીં, કારણ કે મારી પાસે ક્યારેય સમય ન હોતો.’ ૨૯ વર્ષની આયુષીની સફળતાની ગાથા UPSC ના દરેક ઉમેદવાર માટે ખરેખર પ્રેરણાદાયી છે. દ્રષ્ટિહીન હોવા છતાં, આ મહિલાએ દેશની સૌથી અઘરી પરીક્ષાઓમાંની એક માટે તેની તૈયારીઓને કોઈપણ પડકારોએ અટકાવવા ન દીધી. પાંચ વર્ષ સુધી સખત મહેનત કર્યા પછી, આયુષીએ 48 મો ઓલ ઈન્ડિયા રેન્ક મેળવીને UPSC 2021 પાસ કરી.

## ઈસરો સાયન્ટિસ્ટ કાર્તિક કંસલે પોતાની વ્હીલચેર પરથી ઉંચી ઉડાન ભરી

પચીસ વર્ષીય વ્હીલચેરથી બાઉન્ડ, ઈન્ડિયન સ્પેસ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) ના વૈજ્ઞાનિક કાર્તિક કંસલે બીજી વખત UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષામાં પ્રવેશ કર્યો અને રેન્ક 217 મેળવ્યો. આઠ વર્ષની ઉંમરે, કાર્તિકમાં મસ્ક્યુલર ડિસ્ટ્રોફી મળી આવી. જે એક પ્રગતિશીલ ડિસઓર્ડર છે જ્યાં ધીમે-ધીમે તમારા અંગો કામ કરવાનું બંધ કરી દે છે. આ રોગે તેમનું જીવન સંપૂર્ણપણે બદલી નાખ્યું. બહાર જવાને અને બાળકો સાથે રમવાને બદલે, તેનો મોટા ભાગનો સમય ડિસઓર્ડરની અસર ઘટાડવા ઉપચાર અને યોગમાં જતો હતો. ૨૦૧૮ માં IIT રૂરકીમાંથી સ્નાતક થયા પછી, કંસલે GATE અને યુનિયન પબ્લિક સર્વિસ કમિશન, એન્જિનિયરિંગ સર્વિસ પરીક્ષા સહિતની ઘણી પરીક્ષાઓ પાસ કરી, પરંતુ તેની શારીરિક વિકલાંગતા પ્લેસમેન્ટ મેળવવામાં સક્ષમ ન હતી. આ ઘટનાને યાદ કરતા તેણે ઈન્ડિયા ટુડેને કહ્યું, ‘મેં એન્જિનિયરિંગ સર્વિસની પરીક્ષાના પ્રિલિમ્સમાં સારું પ્રદર્શન કર્યું હતું, પરંતુ જ્યારે મુખ્ય પરીક્ષાની યાદી આવી ત્યારે મને ખબર પડી કે હું મારી સ્થિતિને કારણે કોઈપણ પોસ્ટ માટે લાયક નથી.’ કંસલ, સમાજમાં જોવા માંગે છે તે સૌથી નોંધપાત્ર પરિવર્તન, એ લોકોની માનસિકતા છે જેઓ માને છે કે વિકલાંગ વ્યક્તિ તેમના લક્ષ્યોને પ્રાપ્ત કરી શકતી નથી. ૨૫ વર્ષીય વૈજ્ઞાનિકના જણાવ્યાં અનુસાર, ‘વિકલાંગતા માત્ર આવતી નથી... તે માનસિકતા વિશે વધુ છે. સમાજ... આવા બાળકોને અલગ પાડે છે. આ સાથે, એક માનસિક અવરોધ આવે છે. હું તે માનસિકતાને સુધારવા માટે કામ કરવા માંગુ છું.'

**- (સૌ. : ઈન્ડિયા ટૂડે)**

# શ્રીમતી રશ્મિ મનહર સહાયનિધિ કોર્પસ ફંડનું 'મહા અન્નદાન' વિતરણ



બિંદીબેન ત્રિવેદી



ભાવનગરમાં રહેતા અને ટૂંકી આવક ધરાવતા બહેરાં-મૂંગા વ્યક્તિ / કુટુંબોને તેમના નિર્વાહ માટે સહાયરૂપ થવા સંસ્થામાં **''શ્રીમતી રશ્મિ મનહર સહાયનિધિ કોર્પસ ફંડ''** છેલ્લાં ૧૦ વર્ષથી ચલાવાય છે, આ યોજનામાં રાહતદરે બહેરાં-મૂંગા વ્યક્તિ / કુટુંબોને એક વર્ષ ચાલે તેટલું અનાજ તથા જીવન જરૂરિયાતની વસ્તુઓ અપાય છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં **કુલ ૧૫૩ બહેરાં-મૂંગા વ્યકિત / કુટુંબને તથા તેમના ૪૫ બાળકોને ટુથપેસ્ટથી માંડી ઘઉં અને તેલના ડબ્બાની સહાય કરવામાં આવી છે.**

આ વિતરણમાં દરેક લાભાર્થીને ૫ કિ. ઘઉં, સ્વ. શ્રીમતી ચંપાબેન ગુણવંતરાય કામદાર તથા સ્વ. શ્રીમતી અરૂણાબેન સંતોષભાઈ કામદારના સ્મરણાર્થે શ્રી સંતોષભાઈ કામદાર તરફથી આપવામાં આવેલ.

શ્રીમતી ઉર્મિલાબેન અરૂણભાઈ કોઠારી (U.S.A.) તથા શ્રીમતી ભારતીબેન હરેશભાઈ અજમેરા તરફથી ૧૦૦ બહેરાં-મૂંગા કુટુંબને કુટુંબ દીઠ ૧ ટેબલ ફેન ભેટ આપવામાં આવેલ અને સ્વ. શ્રી દક્ષાબેન રસીકભાઈ પટેલના સ્મરણાર્થે - હસ્તે. હિરલ, બંસી-સાગર તથા રસીકભાઈ પટેલ તરફથી અનાજ ભરવાના કન્ટેનર નંગ-૬ સેટ-૧ ભેટ આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં શેઠ બધર્સવાળા શ્રી કમલેશભાઈ શેઠ અતિથિ વિશેષ પદે હતાં. શ્રી ગિરીશભાઈ શાહ (પ્રમુખ), શ્રી અશ્વિનભાઈ પંડયા (માનદ્ મંત્રીશ્રી), શ્રી અમિતભાઈ શાહ (સહમંત્રી), શ્રી જીતુભાઈ શાહ (ટ્રેઝરર), શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી રાજેશભાઈ હકાણી, શ્રી મીતાબેન ઓઝા, શ્રી શૈલેષભાઈ દવે (આચાર્યશ્રી) ની હાજરી પ્રોત્સાહક રહી. ૧૦ વર્ષથી આ કોર્પસ ફંડનું કાર્ય શ્રીમતી બિન્દીબેન ત્રિવેદી કરી રહ્યાં છે.

# દિવ્યાંગોની સાફલ્ય ગાથાઓ

## પેરા શૂટર અવની લેખરાએ ગોલ્ડ મેડલ જીત્યો. પીએમ મોદીજીએ તેણીને અભિનંદન આપ્યાં



અવની જ્યારે ૧૧ વર્ષની હતી ત્યારે કાર અકસ્માત બાદ તેને કમરથી નીચે લકવો થઈ ગયો હતો. તેણીના પિતાએ તેણીને રમત-ગમતમાં ભાગ લેવા દબાણ કર્યું. અને તેણીએ શૂટિંગમાં જતા પહેલા તીરંદાજીની શરૂઆત કરી, પેરાલિમ્પિકમાં સુવર્ણ ચંદ્રક જીતનારી લેખરા પ્રથમ ભારતીય મહિલા છે.

૨૦૨૦ સમર પેરાલિમ્પિક્સમાં, તેણીએ ભારતનો પ્રથમ ગોલ્ડ મેડલ પણ મેળવ્યો હતો. યુવા શૂટરે વિશ્વ વિક્રમની બરાબરી કરી અને પેરાલિમ્પિકનો રેકોર્ડ બનાવ્યો. ભૂતપૂર્વ ઓલિમ્પિક ચેમ્પિયન અભિનવ બિન્દ્રાથી પ્રેરિત થઈને તેણે ૨૦૧૫માં શૂટિંગ શરૂ કર્યું અને ત્યારથી તેણે અસંખ્ય રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય ખિતાબ જીત્યા છે. તેણીએ ૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ મહિલાઓની ૫૦ મીટર એર રાઈફલ સ્ટેન્ડિંગ ઈવેન્ટમાં બ્રોન્ઝ જીત્યો, પેરાલિમ્પિક ઈતિહાસમાં બે મેડલ મેળવનારી તેણી પ્રથમ ભારતીય મહિલા પેરાલિમ્પિયન બની. - **(સૌ. : ઈન્ડિયા ટૂડે)**



# શ્રીમતી પ્રભાકુંવરબેન રતિલાલ વાઘર કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



વિપુલ જેઠવા

## અલંગ ઓટો એન્ડ જનરલ એન્જિનીયરીંગ કંપની પ્રા. લિ. દ્વારા કૃત્રિમ હાથ-પગનો નિઃશૂલ્ક કેમ્પ

તા. ૧૪-૫ ના રોજ અલંગ ઓટો એન્ડ જનરલ એન્જિનીયરીંગ નામની સંસ્થા તરફથી કુલ ૧૫ દિવ્યાંગ વ્યક્તિને પસંદ કરીને, કુલ ૨૦ કૃત્રિમ સાધનો પૂરા પાડવામાં આવેલ હતાં, જેમાં અડધા હાથ-૩, આખા પગ-૪, અડધા પગ-૬, કેલિપર-૧, એ.એફ.ઓ.-૩, કોકઅપ સ્પ્લીન્ટ-૨, પાર્શિયલ ફૂટ-૧, એમ કુલ ૨૦ સાધનો દાતાશ્રી તરફથી પૂરા પાડવામાં આવેલ.




દીપ પ્રાગટય સંસ્થાના મુંબઈથી પધારેલ મહેમાનો, શ્રી વિપુલભાઈ પારેખ તેમના બહેન-બનેવી, શ્રી શશીકાંન્તભાઈ વાઘર, શ્રી મહાસુખભાઈ જકડિયા, મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા તથા વર્કશોપ પરિવારે કરીને, કેમ્પના સાધનો જરૂરિયાતમંદ દિવ્યાંગોને પૂરા પાડવામાં આવેલ હતાં. જેના લાભાર્થીઓ...

૧. સંજયભાઈ રાઠોડ જેમની ઉંમર ૫૩ વર્ષની છે. તેઓ ભાવનગરના વતની છે. તેમને બી.પી. ની તકલીફને લઈને રેલ્વેના પાટા ઉપર પડી જવાથી ગોઠણની નીચેના બંને પગ કપાવવા પડેલ હતાં. જેમને બંને કૃત્રિમ પગ ગોઠણથી નીચેના બનાવી આપેલ છે.

૨. શ્રી મહેશભાઈ દસાડિયા ઉંમર ૪૪ વર્ષની છે. જેઓ સુરેન્દ્રનગરથી આવે છે. તેમને ઈલેકટ્રિક શોક લાગવાથી આશરે એકાદ વર્ષ પહેલા જમણો હાથ કોણીથી નીચેનો કપાવવો પડેલ હતો. હાલ તેઓને કૃત્રિમ હાથ ફીટ કરી આપેલ છે.

૩. શ્રી મનજીભાઈ મકવાણા ઉંમર ૫૩ વર્ષની છે. જેઓ બોટાદ જિલ્લાના કુંડળ ગામના વતની છે. જેમને વાડીએ શોક લાગવાથી બંને હાથ કોણીથી નીચેના તથા ડાબો પગ ગોઠણથી નીચેનો કપાવવો પડેલ હતો. હાલ તેઓને ડાબો હાથ ફીટ કરી આપેલ છે. અને તેના પછી બીજો હાથ તથા કૃત્રિમ પગ ફીટ કરી આપવામાં આવશે.

## મેક સ્વિન (સુરત) દ્વારા કૃત્રિમ હાથ-પગનો નિઃશૂલ્ક કેમ્પ

તા. ૩-૭ ના રોજ મેક સ્વિન (સુરત)-શ્રી દામજીભાઈ પટેલ (ડોંડા) તથા કાર્તિકભાઈ પટેલ (ડોંડા) તરફથી કુલ ૧૨ દિવ્યાંગ વ્યક્તિને પસંદ કરીને, કુલ ૧૭ કૃત્રિમ સાધનો પૂરા પાડવામાં આવેલ હતાં, જેના લાભાર્થીઓ ભાવનગર, મહુવા, પાલિતાણા, ઘોઘા અને અમરેલીથી આવેલ હતાં. આખો હાથ-૧, આખા પગ-૬, અડધા પગ-૩, કેલિપર-૩, ઓર્થો શૂઝ-૨, અન્ય-૨ એમ કુલ ૨૦ સાધનો દાતાશ્રી તરફથી પૂરા પાડવામાં આવેલ.

દીપ પ્રાગટય શ્રી દામજીભાઈ પટેલ (ડોંડા), શ્રી મુકેશભાઈ શાહ, શ્રી જે.ડી. ભાઈ (તરસમીયા), શ્રી મહેશભાઈ રાજપુરા, શ્રી ગોવિંદભાઈ મોરડિયા, શ્રી પરેશભાઈ મહેતા તથા સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા અને વર્કશોપ પરિવારે કરીને કેમ્પમાં સાધનો જરૂરિયાતમંદ દિવ્યાંગોને પૂરા પાડવામાં આવેલ હતાં. જેના લાભાર્થીઓ...

૧. મિતુલભાઈ કે. ચૌહાણ જેમની ઉંમર ૪૩ વર્ષની છે. જેઓ ભાવનગરના રહેવાસી છે. હીરા ઘસવાનું કાર્ય કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા, તેઓને દોઢેક વર્ષ પહેલા રેલ્વેના પાટાના અકસ્માતમાં બંને પગ ગોઠણથી ઉપરના કપાવવા પડેલ હતા, તેઓ તેમના માતા-પિતાનું એક માત્ર સંતાન છે. તેઓને આજરોજ બંને પગ કૃત્રિમ ફીટ કરી આપેલ છે.

૨. શ્રી હાર્દિકભાઈ ચોટલિયા ઉંમર ૨૬ વર્ષની છે. જેઓ અમરેલી જિલ્લાના ગામડામાંથી આવે છે અને તેઓ ખેતીનું કાર્ય કરતાં હતાં. તેમને વાહન અકસ્માતમાં જમણો હાથ કોણીથી ઉપરનો ગુમાવેલ છે. આજરોજ તેમને દાતાશ્રીના અનુદાનથી કૃત્રિમ હાથ ફીટ કરી આપેલ છે.

૩. શ્રી શહેનાઝબેન પઠાણ, ઉંમર ૩૦ વર્ષના છે. જેઓ પાલિતાણાના રહેવાસી છે. અને તેમને પોલિયોની બિમારીને લઈને કૃત્રિમ સાધન કેલિપર બંને પગે પહેરવા પડે છે. આજરોજ તેમને બંને પગના કેલિપર બનાવી આપેલ છે.




# 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા



✍ નેહલ ગઢવી

## ભાવનગર રેલ્વે સલાહકાર સમિતીમાં શ્રી દેવલભાઈ શાહની નિમણૂંક :



શાળાના માનદ્ ટ્રેઝરર, વૈષ્ણવ સમાજના અગ્રણી, બંદર રોડ વેપારી એસોસિએશનના પ્રમુખ, વલ્લભ યુથ ઓર્ગોનાઈજેશન (VYO) ના શહેર પ્રમુખ, તેમજ ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રિઝના (I.P.P.) શ્રી દેવલભાઈ શાહની ભાવનગર રેલ્વે સ્ટેશન સલાહકાર સમિતીમાં નિમણૂંક થવા બદલ 'અંકુર' પરિવાર દ્વારા શ્રી દેવલભાઈ શાહને ખૂબ-ખૂબ અભિનંદન. આપ ભવિષ્યમાં ખૂબ પ્રગતિ કરો તેવી શુભેચ્છા... અભિનંદન શ્રી દેવલભાઈ...

## આંતરરાષ્ટ્રિય યોગ તથા મ્યુઝિક દિવસની ઉજવણી :



શાળામાં તા. ૨૧ જૂનના રોજ **આંતરરાષ્ટ્રિય યોગ** તથા **મ્યુઝિક દિવસ**ની ઉજવણી કરવામાં આવેલ. શાળાના મ્યુઝિક થેરાપિસ્ટ ડૉ. ભાવનાબેન અંધારિયા દ્વારા બાળકો, શિક્ષકો તથા તાલીમાર્થીઓને સુંદર રીતે વિવિધ યોગ કરાવવામાં આવેલ, તેમજ મ્યુઝિક દિવસ નિમિત્તે શાળાના વિવિધ મ્યુઝિકલ ઈન્સ્ટુમેન્ટનું નિદર્શન કરાવી, તેમના ઉપયોગ વિશે સમજણ આપેલ તથા બાળકોને વિવિધ ઈન્સ્ટુમેન્ટ વગાડવા આપી, વિશિષ્ટ રીતે મ્યુઝિક દિવસની ઉજવણી કરવામાં આવેલ.

## પ્રવેશોત્સવની ઉજવણી :

શાળા ખાતે શ્રી પ્રદિપસિંહ ગોહિલ (જિલ્લા સમાજ સુરક્ષા) તથા દાતાશ્રી ડૉ. રાનીબેન ચૌધરીના અતિથિ વિશેષપદે **પ્રવેશોત્સવ** ઉજવવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત શાળાની વિદ્યાર્થીનીના સુંદર



શ્લોકગાન દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ માનદ મંત્રી શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબે આવેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરેલ અને માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠે નવા પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓનું અભિવાદન કરેલ. નવા પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓને મહેમાનો, સંસ્થાના ઉપપ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી, ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ હકાણી તથા ટ્રસ્ટીશ્રીઓએ તિલકવિધિ કરી, મોં મીઠું કરાવી શૈક્ષણિક કીટ આપી શાળા પ્રવેશ કરાવેલ. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨ દરમ્યાન કુલ ૨૧ બાળકોએ પ્રવેશ મેળવેલ. ત્યારબાદ આવેલ મહેમાનોએ પ્રાસંગિક ઉદ્દબોધન કરેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ, આભારવિધિ શ્રી હિનાબેન ગળથરીયાએ કરેલ. કાર્યક્રમનું સંકલન શ્રી પારૂલબેન પાઠકે કરેલ.

## શિક્ષકશ્રી નેહલબેન ગઢવીને - શિક્ષક સન્માન એનાયત કરાયું :



તાજેતરમાં વિદ્યાગુરૂ પ્રતિષ્ઠાન-સાવરકુંડલા દ્વારા આયોજિત **સાહિત્ય અને શિક્ષણ પર્વ**માં શાળાના શિક્ષક તથા જાણિતા મોટીવેશનલ સ્પીકર શ્રી નેહલબેન ગઢવીને **શ્રી લલ્લુભાઈ શેઠ શિક્ષણ-સન્માન**થી નવાજવામાં આવેલ. અભિનંદન શ્રી નેહલબેન...

## વોકેશનલ વિભાગ - મુલાકાત :





તા. ૨ જૂન-૨૨ ના રોજ ભાનુ-વાડી વોકેશનલ સેન્ટરના મુખ્ય દાતા શ્રી મહેશભાઈ ગાંધીએ સંસ્થાની શુભેચ્છા મુલાકાત લીધી તથા વોકેશનલ સેન્ટરના બાળકો દ્વારા બનાવવામાં આવતી વિવિધ પ્રોડક્ટસ વિશે માહિતી મેળવી, વોકેશનલ સેન્ટરના વિકાસ માટે સ્ટાફ સાથે ગહન ચર્ચા કરેલ.

# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા સંચાલિત
# સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ (એમ.આર.)

✍ ડૉ. ભાવિકા કામદાર

## ફેરવેલ પ્રોગ્રામ :


સંસ્થા સંચાલિત સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી ટિચર્સ ટ્રેનિંગ કોલેજના બીજા વર્ષના તાલીમાર્થીઓ (બેચ વર્ષ ૨૦૨૦-૨૦૨૨) નો કોર્સનો સમયગાળો પૂર્ણ થતા તા. ૧૨ જૂન-૨૨ ના રોજ તેમના માટે **ફેરવેલ પ્રોગ્રામ**નું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે તાલીમાર્થીઓએ પોતાના બે વર્ષના ટ્રેઈનિંગ સમયના સંસ્મરણો વર્ણવેલ, તેમજ બેચ વર્ષ ૨૦૧૮-૨૦ તથા બેચ ૨૦૧૯-૨૧ ના પ્રથમ, દ્વિતીય, તૃતિય નંબર પર ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ. કો-ઓર્ડિનેટર ડૉ. ભાવિકાબેન કામદારને અભિનંદન આપવામાં આવેલ.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, સ્ટાફ તથા તાલીમાર્થીઓ ઉપસ્થિત રહેલ.



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ
## દિવ્યાંગો માટે આશા કિરણ...
### સક્સેસ સ્ટોરી

✍ અમિત મિત્રા






બાળકનું નામ : **સોમાણી ઉન્નતિ મનીષભાઈ**, ઉંમર : **૮ વર્ષ**

ટ્રેનિંગ લીધેલ સમય : **૬ મહિના**

સમસ્યા : **ડાઉન સિન્ડ્રોમ**

શિક્ષકનું નામ : પાડલિયા હર્ષાબેન

**સારવાર પહેલાં :** જ્યારે આ બાળકી દિશા કમ વિકાસ પ્રોજેક્ટમાં આવી, ત્યારે તે અતિ ચંચળ અને મર્યાદિત વાતચીત કરતી હતી. બાળકી એક જ જગ્યાએ બેસી એક જ પ્રવૃત્તિ લાંબા સમય સુધી કરવામાં અક્ષમહતી. બાળકી પોતાનું દૈનિક કાર્ય જેમ કે, ડ્રેસિંગ- અન ડ્રેસિંગ, બ્રશ કરવું, જાતે જમવું, પ્રવાહી પ્રદાર્થ જાતે પીવા કે વસ્તુ માગવી નહીં વગેરે જેવી પ્રવૃત્તિઓ બીજાના મદદ વડે કરતી હતી.

**સારવાર બાદ :** ૬ માસની સતત ટ્રેનિંગ બાદ, બાળકી પ્રોજેક્ટ સમય દરમ્યાન માતા વગર લાંબા સમય સુધી બેસીને પ્રવૃત્તિ કરતાં શીખી ગયું છે. જેમ કે, જાતે જમે છે, ટિફીન જાતે ખોલી શકે છે, ડ્રેસિંગ-અન ડ્રેસિંગ જાતે કરે છે, બ્રશ જાતે કરે છે, પોતાની જરૂરિયાત પોતે માંગે છે. આમ, બાળકોની રોજીંદા જીવનની ક્રિયામાં એ.ડી.એલ., શિક્ષણ વિગેરે દ્વારા ખૂબજ સુધારો જોવા મળે છે.



## PNR માં ઉપલબ્ધ છે, વિકલાંગો માટે ઉપલબ્ધ છે એક લાખ રૂપિયા સુધીની હેલ્થ પોલિસી અને તે પણ કોઈ પ્રિમીયમ ચૂકવ્યા વગર

જયારે કોઈ, બિમારી કે અકસ્માત સર્જાય ત્યારે આરોગ્ય સેવાઓ કોઈપણ વ્યક્તિની કમર ભાંગી નાખતી હોય છે. આજે તમામ પ્રકારની આરોગ્ય સેવા મોંઘી થતી જાય છે આ સમયે વિકલાંગો માટે એક પણ રૂપિયા ચૂકવ્યા વગર રૂ. ૧ લાખ સુધીની હેલ્થ પોલિસી એટલે કે મેડિકલેઈમ યોજના ઉપલબ્ધ છે. જો કે આ અંગે હજુ અનેક વિકલાંગો અને તેમના વાલીઓ અજાણ છે.

નેશનલ ટ્રસ્ટની **નિરામયા હેલ્થ પોલિસી** મેડિકલેઈમની આ સેવા સેરેબ્રલ પાલ્સી, મેન્ટલ રીટાર્ડેશન, ઓટિઝમ અને અન્ય બહુવિધ વિકલાંગતા ધરાવતી વ્યક્તિ માટે ઉપલબ્ધ છે અને આમાં ન તો કોઈ ઉંમરની મર્યાદા છે અને ન તો કોઈ પૂર્વ શરતો પણ રાખવામાં આવી છે. વિકલાંગો માટેની આ પોલિસીની વિશેષતા એ પણ છે કે તેમાં ઓપીડી, વિવિધ ટેસ્ટ તેમજ દાંતની સારવાર સહિતની સેવાઓ પણ આવરી લેવામાં આવી છે અને તે માટે ૧૦,૦૦૦ રૂપિયા સુધીની સહાય મળી શકે છે. ભાવનગરમાં નેશનલ ટ્રસ્ટમાં રજીસ્ટર, પી.એન.આર. હોપ ફોર હેન્ડિકેપ્ડ સંસ્થા દ્વારા આ હેલ્થ પોલિસીની કાર્યવાહી થતી હોય છે. આ અંગે માહિતી આપતા શ્રી પારસભાઈ શાહે જણાવ્યું હતું કે, પોલિસી લેનાર વિકલાંગને પ્રતિવર્ષ એક લાખ સુધીનો આરોગ્યલક્ષી ખર્ચ મળી શકે છે. આ પોલિસી લેવા માટે જરૂરી આધાર પુરાવાઓ જોડવાના હોય છે અને જેમાં ખાસ કરીને અપંગતાનું પ્રમાણપત્ર હોવું ખાસ જરૂરી છે. તેમણે જણાવ્યું કે, અગાઉ આ પોલિસી માટે ના પ્રિમીયમની રકમ વાલી પાસેથી લેવામાં આવતી હતી, પરંતુ હવે આ પ્રિમીયમ ગુજરાત સરકાર આ કામગીરી કરનાર સંસ્થાને ચૂકવે છે. એટલે કે પોલિસી લેનારને કોઈ રકમ ચૂકવવાની રહેતી નથી. નેશનલ ટ્રસ્ટમાં રજીસ્ટર થયેલી સંસ્થા મારફત આ મેડિકલેઈમ એટલે કે નિરામયા આરોગ્ય પોલિસી લઈ શકાય છે અને રિન્યુઅલ કરી શકાય છે. આ પોલિસી લેવા માટે ઓનલાઈન પ્રક્રિયા કરવાની હોય છે અને તે માટે પી.એન.આર. સોસાયટીમાં શ્રી હિતેશભાઈ ઓઝા (મો. ૯૮૭૯૩૫૪૩૬૮) નો બપોરે ત્રણથી છ માં સંપર્ક કરી શકાય છે. ઓપરેશનથી માંડી દવાખાને જવા આવવાના વાહન ખર્ચ સુધીની રકમ ચૂકવતી આ પોલિસીનો લાભ વધુને વધુ વિકલાંગોએ લેવા જેવો છે.

---

## દિવ્યાંગોને પ્રોત્સાહન

### ગુજરાત સરકાર દિવ્યાંગ વિકાસ પ્રવૃત્તિમાં અગ્રેસર

ગુજરાતના પાટનગર અમદાવાદની વિખ્યાત સોલા સિવિલ હોસ્પિટલમાં, તાજેતરમાં ઓડિયોલોજી સ્પીચ લેંગ્વેજ પેથોલોજી કોલેજ અને આહાર કેન્દ્રનું કેન્દ્રિય ગૃહમંત્રી શ્રી અમિત શાહ અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું. ગુજરાત તથા અન્ય રાજયના બાળકોમાં જન્મજાત બહેરાશ, સાંભળવાને લગતી કોઈ પણ તકલીફ, ચેતાતંત્રના રોગના કારણે થતી બોલવાની, સમજવાની અને ભૂલવાની તકલીફ, પક્ષઘાત અથવા પેરાલિસીસ અને સેરેબ્રલ પાલ્સી સ્ટ્રોકથી પીડિત દર્દીઓના પુનર્વસન તેમજ કોમ્પ્યુટરાઈઝડ સોફ્ટવેર દ્વારા નિદાન, સરળ અને સચોટ બનશે.

સોલા સિવિલ હોસ્પિટલના ENT (કાન,નાક, ગળા) વિભાગ હેઠળ ધો. ૧૨ પછી સ્નાતક કક્ષાનો નવો આરોગ્યલક્ષી અભ્યાસક્રમ ‘બેચરલર ઈન ઓડિયોલોજી એન્ડ સ્પીચ લેંગ્વેજ પેથોલોજી’ એક પેરામેડિકલ કોર્સ છે, જેના અભ્યાસક્રમ ત્રણ વર્ષ સાથે એક વર્ષની ઈન્ટરશીપ છે. જેમાં દર વર્ષે ૨૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરશે. ગુજરાતી યુવક યુવતિઓ આ પેરા-મેડિકલ કોર્સમાં બહુ જતા નથી તેને હવે શરૂઆત કરવા જેવી છે.

**- સૌજન્ય : ગુજરાત સમાચાર**

---

## દિવ્યાંગોની સાફલ્ય ગાથાઓ

### સેરેબ્રલ પાલ્સી પીડિત ‘વ્યોમ’ તરણ સ્પર્ધામાં ત્રણ સુવર્ણ પદકો જીત્યા

જેનું મનોબળ દ્રઢ હોય તેને શારીરિક મુશ્કેલીઓ નડતી નથી. ઉદયપુરમાં આયોજિત રાષ્ટ્ર સ્તરીય તૈરાકી સ્પર્ધામાં આ યુવકે ત્રણ સુવર્ણ પદક પોતાના નામે કર્યા છે. નારાયણ સેવા સંસ્થાન તરફથી ઉદયપુરમાં આયોજિત તરણ સ્પર્ધામાં અમદાવાદના વ્યોમે ૫૦ મીટર ફ્રી સ્ટાઈલ, ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ, ૫૦ મીટર બેક સ્ટ્રોક ઈવેન્ટરમાં ભાગ લીધેલ અને ગુજરાતનું પ્રતિનિધિત્વ કરેલ. વ્યોમના પિતા ભરત પાવાએ જણાવેલ કે ૨૦૨૧ વ્યોમે ‘એક સ્વર્ણ અને બે રજત પદક પ્રાપ્ત કરેલ.’ અમદાવાદ મહાનગરપાલિકાના રાણીપ સ્થિત બાથમાં તરવાનું શીખીને વ્યોમે ૨૦૧૪ થી તાલીમ લીધી. વ્યોમની માતા મંજુ પાવા પણ સારી તૈરાક છે જે વ્યોમનું પ્રેરણા સ્રોત છે.

**- સૌજન્ય : રાજસ્થાન પત્રિકા, તા.૨/૫/૨૨**

# અડગ મનના માનવીને હિમાલય નડતો નથી

રાજકોટ જિલ્લાના જેતપુરના વંદનાબેન કંટારિયાની જેઓ ૮૦ ટકા વિકલાંગ છે. નાનપણમાં જ તેમણે પિતાની છત્રછાયા ગુમાવી, જન્મજાત શારીરિક તકલીફો વચ્ચે પણ દ્રઢ મનોબળ સાથે જીવતા વંદનાબેન કંટારિયા પોતાનું ગુજરાન ચલાવે છે. હાથનું સંતુલન ન હોવા છતાં પગની મદદથી તેઓ મોબાઈલનાં રિચાર્જ, તેમજ ઝેરોક્ષ કાઢવાનું કામ કરીને અડગ મનોબળ શું કરી શકે, તેનું જીવતું જાગતું ઉદાહરણ બન્યા છે. ૧૭ ફેબ્રુઆરી ૧૯૭૮ ના રોજ જન્મેલા વંદનાબેન મણિલાલ કંટારિયા જન્મજાત સેરિબ્રલ પાલ્સીની બીમારીથી પીડાય છે. ગણતરીના દિવસોમાં વંદનાબેનને કમળાની અસરથી હાથ-પગ ખોટા થઈ ગયા હતા. શિક્ષિકા માતા પુષ્પાબેન અને પિતા મણિલાલ કંટારિયાએ વંદનાનો ઉછેર પેટે પાટા બાંધીને કર્યો. વંદનાની શારીરિક તકલીફ દૂર કરવા માતા-પિતાએ પાણીની જેમ પૈસા ખર્ચી નાખ્યા. પરંતુ બીમારી દૂર ન થઈ. વંદનાબેને નાની ઉંમરમાં પિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી. પણ વંદના કુદરતની કસોટી સામે હાર માનવા તૈયાર નહોતી. આખરે આજે તે પગથી મોબાઈલ, લેપટોપ અને ફોટોકોપી (ઝેરોક્ષ) નું મશીન ચલાવી મહિને સારૂં કમાય છે અને

**વિકલાંગ વિરાંગના ૮૦ ટકા શારીરિક ખોટ છતા ચલાવે છે ઘર**

## પગની મદદથી મોબાઈલ રિચાર્જ અને ઝેરોક્ષ કાઢી પરિવારને કરે છે મદદ

પોતાની માતા પુષ્પાબેને જે દુ:ખ સહન કર્યું હતું તેને ઓછો કરવાની સાથે, પરિવાર માટે દીકરાની ગરજ પૂરી પાડી રહી હતી. શિક્ષિકાના નાતે પુષ્પાબેન પોતાના ઘરે બાળકોને ટ્યૂશન કરાવતા હતા. તે સમયે વંદના પણ તેમની પાસે જ બેસતી. પોતાની નજર સામે વાંચતા-લખતા બાળકોને જોઈને વંદના પણ ભણવા સાથે જીદ કરતી હતી.

પરંતુ વંદનાના હાથ-પગ કામ કરતા ના હોવાથી. ઘણી વખત ભીની આંખોએ વંદનાને હાથમાં પેન બોલપેન પકડાવી લખાવવા કોશિશ કરતા હતા. તેમની મહેનત સફળ થઈ અને ધીરે-ધીરે વંદના લખતા શીખી ગઈ. ધોરણ-૭ થી ગ્રેજ્યુએશનનો અભ્યાસ તેણે રાઈટરની મદદથી પાર પાડ્યો. આટલા અભ્યાસ બાદ પણ ના હારેલી કે ના થાકેલી વંદનાએ ભોપાલની યુનિવર્સિટીમાં પીજીડીસીએ અભ્યાસ પણ પૂર્ણ કર્યો.

વધુમાં વાત કરીએ તો વંદનાબેનની દુકાન પાસે ફ્રૂટ વહેંચતા અશોકભાઈ મહેતા સેવાભાવી બુજર્ગ, વંદનાબેનની તમામ પરિસ્થિતિનું ધ્યાન રાખે છે. તેમજ વંદનાબેનને ઘરે મૂકવા માટે પોતે જ જાય છે. આ રીતે માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પણ પૂરું પાડી રહ્યા છે.

**- સૌજન્ય : જયહિન્દ**

## સાત વર્ષની ઉંમરે સૌથી ઊંચા શિખર ને સર કર્યું

અવનીશ વિશ્વનો પહેલો બાળક છે જેણે સાત વર્ષની ઉંમરે વિશ્વના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટના, ૧૮.૨૦૦ ફૂટની આ ઉંચાઈ પર રહેલા કાળા પથ્થર શિખર સુધી પહોંચી શક્યો છે. આજ સુધી આ ઉંમરના કોઈપણ વિકલાંગ બાળકે એવરેસ્ટ પર આટલું ચઢાણ કર્યુ નથી. અવનીશ ડાઉન સિન્ડ્રોમથી પીડિત બાળક છે. અવનીશને ખૂબ ખૂબ અભિનંદન.

## સેરેબ્રલ પાલ્સી જલ્પાને તેના જેવા બાળકોની સેવાની ધૂન લાગી

જલ્પા બારડનો જન્મ અધૂરા મહિને થયો. વજન ૨.૫ કી.ગ્રા. શ્વાસ લેવામાં તકલીફ પડી હતી અને ૧૦ દિવસ કાચની પેટીમાં રાખવી પડી હતી. તે ગરીબ કુટુંબમાંથી આવતી હતી. તેની માતાનું કેન્સરમાં અવસાન થયું હતું. તેના જન્મ બાદ ખબર પડી કે તેનું હલનચલન અક્કડતાના કારણે ખૂબ જ મર્યાદિત છે અને પોતાની જાતનું ત્યાંના વાતાવરણ સાથે અનુકૂલન સાધી શકતી નથી. તેને ફિઝીયોથેરાપી, સ્પીચ થેરાપી અને વિશિષ્ટ શિક્ષણ માટે પી.એન. આર. સોસાયટીમાં લાવવામાં આવી. વહેલું નિદાન અને સારવાર ઉપયોગી નિવડી. પછી તેને સામાન્ય શાળામાં મુલાકાતી વિશિષ્ટ શિક્ષકની મદદથી ધો.૧ માં પ્રવેશ લઈ ૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. એટલું જ નહીં પરંતુ તેણીએ નંદકુવરબા મહિલા કોલેજમાં બી.એ. સોસિયોલોજી સાથે અભ્યાસ કર્યો. જલ્પાને પોતાની જેવા બીજા મગજના લકવાવાળા બાળકોને ઉપયોગી થવાની ધૂન લાગી. પી. એન.આર.સોસાયટીમાંથી સી.પી.બાળકોનાં વિશિષ્ટ શિક્ષણનો કોર્સ કર્યો. હવે તેણી છેલ્લાં બે વર્ષથી અર્લી ઈન્ટરવેન્શન સેન્ટરમાં વિશિષ્ટ શિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે. એ ઉપરાંત ડિસ્ટન્સ મોડમાં બાબાસાહેબ ઓપન યુનિવર્સિટીમાંથી ઈન્ટેલએકચૂલ ડિસેબિલિટીમાં બી.એડ.નો અભ્યાસ કરી રહી છે. તે ગૃહકાર્યમાં ધ્યાન આપે છે. સાથે તેના ૧૫ વર્ષના નાનાભાઈની કાળજી રાખે છે. તેમજ તેના પિતાને આર્થિક અને સામાજિક ટેકો આપે છે.

# ૧ જુલાઈ થી ૩૧ જુલાઈ '૨૨ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### 80-G

| | Rs. |
|---|---|
| Shri K. N. Shah Charitable Trust, C/O.National Color Chem.Corp. - Mumbai | 2,500,000 |
| Shri Nasimben J.Katawala - Bhavnagar | 3,000 |
| Shri Jafarbhai K. Katawala - Bhavnagar | 3,000 |
| Shri Sadiqalibhai I. Laxmidhar - Rajkot | 25,000 |
| Shri Ashok Dhirajlal Dalal - Mumbai | 10,000 |
| Shri Meenaben Dineshbhai Parikh - Mumbai | 11,000 |
| Estate Of Late Vasantlaxmi Maganlal Shah C/O.Shri Anantrai K.Shah - Bhavnagar | 4,000 |
| Shri Varsha Hemant Desai - Mumbai | 20,000 |

### FCRA Donation

| | | USD $ |
|---|---|---|
| Heart And Hand For The Handicapped Autisum Project (Identy Recr.Early Inter Hart & Ha | $ | 9,645 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

**Dt. 1-5-22 to 30-6-22**

| | Rs. |
|---|---|
| Shri Madhuben Ghanshyambhai Solanki-Bhavnagar | 12,200 |
| Shri Sanjaybhai C Sanghavi - Mumbai | 2,000 |
| Shri Sonali Rameshbhai Godwani - Somnath | 1,000 |
| Shri Matushri Kashiben Chunilal Anandpara Charitable Trust - Mumbai | 25,000 |
| Shri Bhadreshbhai Nathubhai Jani - Bhavnagar | 2,100 |
| Lt. Gopalbhai Harshadray Joshi - Bhavnagar | 5,000 |
| Shri Trambaklal Sundarji Kamdar Charitable Trust - Bhavnagar | 1,13,120 |
| Shri Chetnaben Nishithbhai Dave - Ahmedabad | 7,000 |
| Shri Chetnaben Nishithbhai Dave - Ahmedabad | 4,000 |
| Shri Nishithbhai J Dave - Ahmedabad | 25,000 |
| Shri Nishithbhai J Dave - Ahmedabad | 10,000 |
| Shri Varshaben Alpeshbhai Doshi - Mahuva | 25,000 |
| Shri Bhanumatiben Balkrishna Bhatt - Mumbai | 1,00,000 |
| Shri Rajesh Ramniklal Modi - Mumbai | 5,000 |
| Shri Jain Social Group Jamnagar- Navanagar-Jamnagar | 1,100 |
| Shri Kiranbhai Yashwantray Oza - Bhavnagar | 50,000 |
| Rotary Club Of Puna University Charitable Trust - Pune | 22,000 |
| Shri Vinaben Jitendrabhai Shah - Bhavnagar | 1,50,000 |
| Shri Dhirajlal Vrajlal Chudasama - Bhavnagar | 10,000 |
| Shri Kamleshbhai R Sheth (Sheth Brothers)- Bhavnagar | 25,000 |
| Shri Upendrabhai J Trivedi - Mumbai | 12,000 |
| Shri Laxmiben Jain - Songadh | 5,000 |
| Late Binaben Rajeshbhai Shah - Banglore | 2,500 |
| Shri Manisha J Patel - Bhavnagar | 5,000 |
| Shri Natwarlal Ramniklal Chanchad - Bhavnagar | 5,000 |
| Shri Jay Adinath Bhakti Group - Bhavnagar | 6,000 |
| Shri Dhirendrabhai Ramniklal Patel - Bhavnagar | 5,000 |
| Shri Kalpesh N Samnani - Bhavnagar | 10,000 |
| Shri Indumatiben Rajnikant Shah - Bhavnagar | 12,000 |
| Shri Firoz Abbasbhai Laxmidhar - Vicchiya | 25,000 |
| The Bharat Line Limited - Mumbai | 60,000 |
| Shri Pravinchandra Manilal Shah - Mumbai | 5,000 |
| Shri Hareshbhai M Dobariya - Bhavnagar | 6,000 |

**Dt. 1-7-22 to 31-7-22**

| | |
|---|---|
| Shri Rudransh H. Uakar - Bhavnagar | 10,000 |
| Shri Jiyanshi Kunal Shah - Bhavnagar | 8,000 |
| Shri Kusumben Mohanlal Mehta - Bhavnagar | 25,000 |
| Shri Santoshbhai G. Kamdar - Bhavnagar | 17,000 |
| Shri Santoshbhai G. Kamdar - Bhavnagar | 10,000 |
| Shri Rohitbhai Gopalbhai Bhojani - Bhavnagar | 6,000 |
| Shri Harshil Bhaveshbhai Doshi - Bhavnagar | 1,200 |
| Shri Damjibhai Hirjibhai Patel - Surat | 1,00,000 |
| Shri Bhupatsang L. Parmar - Vartej | 6,000 |
| Late Manchhagauri Kantilal Fulchand Doshi - Mumbai | 5,001 |
| Shri Dineshbhai Jayantilal Parikh - Mumbai | 11,000 |
| Shri Prayagrajsinh A. Gohil - Bhavnagar | 5,000 |
| Shri Maheshbhai Shirsagar - Bhavnagar | 1,000 |
| Shri Nilaben Vallabhbhai Maniyar - Bhavnagar | 15,000 |
| Shri Santoshbhai G. Kamdar - Bhavnagar | 10,000 |
| Shri Gulamhasankhan K. Pathan - Bhavnagar | 1,50,000 |
| Late Padmavati Pradyumanrai Sheth-Bhavnagar | 5,000 |
| Shri Vimalbhai Mahipatray Shah - Mumbai | 25,000 |
| Shri Kanakben S. Bhatt - Ahmedabad | 1,850 |
| Shri Chandrikaben P. Doshi & Mayaben V Mody - Bhavnagar | 6,000 |

**નોંધ : ગત અંકમાં શરત ચૂકથી માર્ચ મહિનાના દાતાઓનું લિસ્ટ છપાયેલ હતું. આ અંકમાં મે-જૂન અને જૂલાઈના દાતાઓનું લિસ્ટ છાપેલ છે.**

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| Shri Hareshbhai Shah - Ahmedabad | 51,000 |
| Shri Kishorbhai Nagindas Bhayani - Bhavnagar | 51,000 |
| Shri Rajeshbhai Harshvardhan Bhatt | 35,000 |
| Shri Hansaben Kamleshbhai Mehta - Mumbai | 27,000 |
| Shri Dhruv C. Shah | 11,111 |
| SOL Mobile Pvt. Ltd. - Mumbai | 11,000 |
| Shri Pravinkumar Ranchodbhai Kathiriya - Bhavnagar | 10,000 |
| Shri Darshakbhai - Mumbai | 10,000 |
| Shri Karuna Charitable Trust - Mumbai | 10,000 |
| Shri Sarita Chaudhari - Bhavnagar | 8,000 |
| Shri Nagnath Trading Co., - Botad | 5,151 |
| Shri Hiteshbhai B. Joshi - Rajkot | 5,000 |
| Late Ganvantiben Himantlal Kikani - Bhavnagar | 5,000 |
| Shri Tusharbhai C. Parikh - Sihor | 2,000 |
| Shri Alpaben T. Parikh - Sihor | 2,000 |
| Shri Dharit T. Parikh - Sihor | 2,000 |
| Shri Vrunda T. Parikh - Sihor | 2,000 |
| Shri Chandrakant H. Parikh - Sihor | 2,000 |
| Shri Dharmeshbhai Chanababra - Bhavnagar | 1,500 |
| Shri Pankajbhai Ghetiya | 1,500 |
| Shri Amitaben R. Patel - Bhavnagar | 1,100 |
| Shri Amitkumar Rajendrabhai Thakore - Vadodara | 1,001 |
| Shri Udaybhai Prafulbhai Rathod - Bhavnagar | 1,000 |

# પી.એન.આર. સોસાયટી
## તસ્વીર સમાચાર



હાઈટેક શાળા પ્રવેશોત્સવ



સી.પી. એસેસમેન્ટ કેમ્પનું ઉદ્‌ઘાટન



સી.પી. શાળા પ્રવેશોત્સવમાં ઉપસ્થિત મહેમાનશ્રીઓ



દાતાશ્રી મહેશભાઈ ગાંધીની સંસ્થાની શુભેચ્છા મુલાકાત




શિક્ષકશ્રી નેહલબેન ગઢવીને શિક્ષક સન્માન એનાયત



એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટમાં વિકલાંગોને વિનામૂલ્યે કોમ્પ્યુટર ટ્રેનિંગ

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 ◆ Monthly
Date of Publication : 15 Aug.- 2022 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com